સત્સંગ-સુધાકર.

પ્રકાશક
સત્સંગ મંડળ.

કર્તા
મોહનલાલ ગો. દવે.

॥ हरि ॐ ॥

શ્રી

સત્સંગ-સુધાકર.

કર્તા

મોહનલાલ ગોપાળજી દવે

લીલીયાનિવાસી.

શ્રી "ભજનાનંદ" વિ. રચનાર.

---:o:---

પ્રસિદ્ધ કરનાર

શ્રી સત્સંગ મંડળ

અને ત્હેના વ્યવસ્થાપકો—વીરજી રૈયાભાઇ, અને ભીખાભાઇ માધવજી.

---:o:---

---:o:---

પ્રથમાવૃત્તિ.

---:o:---

મુંબઇ.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫

મૂલ્ય ચાર આના.

પ૫૦૨

સાહિત્યના પુજારીયોને નિવેદન

ટુંક સમયમાંજ આ કર્તાની કલમથી લખાયેલી એક સદ્બોધક નવલકથા

કર્મહિન કિશોરી

કે

કૃતઘ્નિ કાકો

છપાઇ બહાર પડશે, કે જેમાં મોટાં ત્રીશ પ્રકરણને વ્યહુવાર-પરમાર્થને સ્હાયભૂત થનારા ઉત્તમ બોધનો સંભાર-ઉચ્ચ પાત્રોના ચરિત્ર સાથ ભરેલો છે-વળી આ સાથ તુરતમાંજ એક ગદ્યપદ્યાત્મક

"કળાવંતી આખ્યાન"

એ નામનું "કન્યાવિક્રય" ની ક્રુર રૂઢીનું ખંડન કરનારૂં અત્યંત કરૂણારસથી ભરપુર ન્હાનું પુસ્તક પણ બહાર પડશે. આ બન્ને પુસ્તકના આગળથી ગ્રાહક થવા ઇચ્છનારે નીચેને સ્થળે પોતાનું નામ નોંધાવવું-(કીંમત છપામણીના પ્રમાણમાં ઘણીજ વ્યાજબી રાખવામાં આવશે, જ્યારે "આખ્યાન" તો પડતર કીંમતેજ આપવામાં આવશે.)

મોહનલાલ ગોપાળજી દવે.
નગીનાશ્રમ—મીલીટરી રોડ
સાન્ટાક્રુઝ.

એક વધુ યાદ-આ કર્તાનુ બનાવેલું ધર્મ, નીતિ, અને વૈરાગ્ય સાથ જ્ઞાનનાં ઉત્તમ લગભગ ૧૦૦ ભજનોનુ—"ભજનાનંદ" નામનું પુસ્તક ફક્ત પાંચ આનાની કીંમતે રોકડે યા વી. પી. થી ઉપરને ઠેકાણેથી મળશે.

આ પુસ્તક મુંબઇ નં. ૯૩ ચીંચપોકલી પરેલ રોડપર લેડી નોર્થકોટ
હિન્દુ ઓર્ફનેજ કે. એન: સેલર પ્રેસમાં ધોંડીબા નારાયણ
વનારસે છાપ્યું; અને સાન્ટાક્રુઝ, મિલીટરી રોડપર
નગીનાશ્રમમાં (સત્સંગ મંડળને માટે)
મોહનલાલ ગોપાળજી દવેએ
પ્રસિદ્ધ કર્યું.



पूज्यपाद ब्रह्मनिष्ठ महात्मा
श्री प्रेमानंदजी.

The Lakshmi Art, Byculla, Bombay

अर्पण पत्रिका.

હરીગીત.

જય સદ્‌ગુરૂ સુખધામ પૂરણકામ પ્રેમાનંદ ઓ !
ભય નિવારણ તાપ ટાળણ આપ પૂર્ણ ધિમંત છો
ગણી જ્ઞાનદાન દેનાર તમ ઉપકાર ઉરમાં છે વશ્યો
અર્પણ કરૂં સત્સંગ-સુધાકર સ્નેહથી સ્વીકારશો.
નીશદીન અભિન્ન અખિન્ન અર્પો છો અતિ આનંદને
સદ્‌બોધ આપિ સતેજ કરતા સાધને વૃતિ મંદને
એ મમ પ્રતી તમ પ્યાર પારાવાર ગણવો શું કશો !
અર્પણ કરૂં સત્સંગ-સુધાકર સ્નેહથી સ્વીકારશો.
આ મમ કૃતિ નહિ છે રતિ અતિ ઉચ્ચ જ્ઞાનાનંદની
તદપિ ત્હમારા કર વિષે જાતાં થશે જગવંદની
તો આ પરે અતિ દિવ્ય ઓજસ આપનું પ્રસરાવશો
અર્પણ કરૂં સત્સંગ-સુધાકર સ્નેહથી સ્વીકારશો.
આ અલ્પ ભેટ ગણી વિશેષ નિમેશ પણ દ્રષ્ટિ થશે
ધન ધન્ય 'મોહન' માનશે નિજ ભાગ્ય રેખ વખાણશે
અંતર તણી આ અર્જ અંતિમ આપશ્રી ઉર ધારશો
અર્પણ કરૂં સત્સંગ-સુધાકર સ્નેહથી સ્વીકારશો.

આ પુસ્તકની ૧૦૦૦ નકલ શ્રી જાફ્રાબાદ મધ્યે
મ્હેતા ત્રીકમદાસ મેઘજી અને મ્હેતા વીરજી રૈયાભાઇએ
બંધાવેલા શ્રી રામચંદ્રજીના મંદીરના " પ્રતિષ્ટા
મહોત્સવ " વખતે ત્હેમના તરફથી ભેટ
આપવામાં આવી છે.

પ્રસ્તાવના.

ભજન જેવા એક સર્વમાન્ય વિષયપર લખાયેલા આ ન્હાના પુસ્તકની પ્રસ્તાવના લખવાનું કશું કારણુ રહેતુંજ નથી, તોપણુ વર્ત્તમાન સમયની સાહિત્ય પદ્ધતિ અનુસાર થોડાક શબ્દો લખાય, તો તે યોગ્ય ગણાય ખરૂં.

નવધા પ્રકારની ભકિતમાં આ ભજન—અર્થાત કિર્તન ભકિતનો સમાવેશ થાય છે, કે જે, કિર્તન ભકિતપૂર્ણ આંતર મનના સત્ય વેગથી કરવામાં આવે, તો તે યોગ કરતાં પણુ સત્વર ચિત્તમનનો નિરોધ કરી એકાગ્રતાથી આત્મસ્વરૂપમાં પ્રવેશ કરાવી શકે છે, કે જેનાં પ્રત્યક્ષ પ્રમાણો—તિવ્ર વિરાગી સંત તુકારામ—નિષ્કામી નરસીંહ મહેતા—અને મોહજીત—મીરાંબાઇ અને દ્રષ્ટિ સામે મહાત્મા પ્રેમાનંદજી વિગેરે કિર્તનભકિતને પ્રાધાન્ય સ્થાને મુકનારાં ભકતજનો પુરાં પાડે છે. જો કે, ત્હેની સાથે એ ભકિત વેગને વધારનારાં અન્ય સ્હાયક સાધનોની જરૂર હોય છે, તોપણુ જેમ એક કસાયેલા મલ્લ (સેન્ડો) ને અમુક ભારે બોજો ઉપાડવો સુલભ લાગે છે, ત્હેમજ પૂર્ણ પ્રેમથી થતાં ભજન કિર્તનમાં ધીમે ધીમે ચિત્તમનની સ્થિર રહેવાની પડતી ટેવથી–અન્ય સાધનો સાધતાં કંઇક વિશેષ સવળતા મળી શકે છે; તેથીજ પૌરાણીક મત પ્રમાણે કળિયુગને વિષે કિર્તનભકિતને અન્ય સર્વ સાધનોમાં પ્રથમ પંકિતએ મૂકી હોય એવી કલ્પના થાય છે. વળી પ્રવૃત્તિ માર્ગને અવલંબી જોતાં આવી રીતે (વાદ્ય સાથ સંગીત કલાથી થતાં) ભજન કિર્તનો, ચિત્તમનની એકાગ્રતા સાથ શરીરના અવયવો—ને મગજના જ્ઞાનતંતુઓ ઉપર પણુ સારી આરોગ્ય અસર ઉપજાવી બાહ્યશાન્તિ આપી શકે છે, એવું વર્ત્તમાન વિદ્વાનો અને વિજ્ઞાન શાસ્ત્રિઓ હવે માનવા લાગ્યા છે; તો તે પક્ષે પણુ આ ભજન કિર્તનની વધુ આવશ્યકતા છે એવું સ્પષ્ટ થાય છે.

આવા એક આવશ્યકતાવાળા વિષયપર પ્રવર્તિ થાય તો તે સકારણુજ ગણાય, એમ સમજી આ પુસ્તક રચવામાં આવ્યું છે, જેમાં સગુણુ તેમજ નિર્ગુણુ ભકિતનાં ભજનો સાથ ધર્મ, નીતિ, અને વૈરાગ્ય પર વિવિધ રાગ રાગણીયોનાં અને લોક સમુહને ગાતાં માફક આવે એવા હેતુથી સારી નાટકી તર્જની લયો મુકી પદો રચવામાં આવ્યાં છે.

આમ છતાં પણ આ પદોમાં પુર્ણ જ્ઞાની પુરૂષોને કંઇ વિશેષતા કે ઉચ્ચ કોટીના સદ્‌બોધનો રસ આવતો ન દેખાય, તો તે સ્વભાવિકજ છે; કેમકે પહાડની ટેકરીપર ચડેલા મનુષ્યને પૃથ્વીપરનાં પ્રાણીયો લઘુ દેખાય છે, ત્હેમજ જ્ઞાનગિરીના શૃંગપર ચડેલાની દ્રષ્ટિમાં આ સાદી સમજણથી રચાયેલાં પદો, નિઃરસ અને બાળકની ચેષ્ટા જેવાં અલ્પજ્ઞ જણાશે, તોપણ તે એક ઉછરતા ઇષ્ટ અભ્યાસીઓને માટે ઉત્સાહ આપનારાં તો થઇ પડશે, એવી નમ્ર માન્યતા રાખી શકાય ખરી.

આવો સંકલ્પ રાખીને પણ આ પદની કૃતિ તપાસનારને વખતે "અરસ્પરસ વિરૂદ્ધ ભાવ દર્શાવનારાં" પદો લખાયેલાં હોય, એવું બાહ્ય દ્રષ્ટિથી ભ્રાન થવા સંભવ છે, કારણ કે, સગુણ અને નિર્ગુણ ભકિતનો વિષય (કેટલાએક મનુષ્યોની ખોટી માન્યતા મુજબ) બાહ્ય દ્રષ્ટિએ જોતાં પરસ્પર વિરૂદ્ધતા દર્શાવનારો દેખાય છે પણ જેમ કર્મ, ઉપાસના, અને જ્ઞાનનો વિષય પ્રતિપાદન કરનારાં ષડ્‌દર્શનો, પરસ્પર વિરૂદ્ધ લાગે છે, પરંતુ ઉંડી સમજણથી જોતાં એક બીજાને ટેકારૂપ–અર્થાત વિરૂદ્ધ નહિ—પણ સંમત છે. ત્હેમજ આ નિર્ગુણ અને સગુણ ભક્તિના ભજનોનો વિષય બાહ્ય દૃષ્યથીજ ભીન્ન દેખાય છે, પણ ઉંડા વિચારની કળથી જોતાં તે અભિન્ન વિષયજ છે, ને તેથીજ આ પુસ્તકમાં સગુણ, નિર્ગુણ ભકિતનાં પદો, પરસ્પર વિરૂદ્ધતાના દોષથી મુકતજ છે.

હવે આ પદોમાં વપરાયેલી ભાષા વિષે લખતાં વગર સંકોચે અમો જણાવીયે છીયે કે, આ પુસ્તકની મ્હોટી સંખ્યા–(પૃષ્ટ ૪ માં જણાવ્યા મુજબ) સૌરાષ્ટના ભાગ તરફ વહેંચાવાની હોવાથી કેટલાંએક પદોમાં શુદ્ધ ગુજરાતી ભાષાને બદલે ગ્રામ્યભાષાના શબ્દકોષમાંથી ચુંટી કાઢેલા શબ્દો વપરાયલા દ્રષ્ટિગોચર થશે, ને તેથી વિદ્વાનોની દ્રષ્ટિમાં કદાચ તે અયોગ્ય–અઠીક–લાગશે, તોપણ જ્ઞાન–પ્રેમ–ને ભકિત દર્શક ઉદ્‌ગારોનું સંશોધન કરતાં ભકતજનો (હંસની માફક સાર ખેંચતા હોવાથી) તે પ્રતિ ને કાવ્યદોષ પ્રતિ અલક્ષ કરશે, એવી અમારે અંતિમ વિજ્ઞપ્તિ કરવી પડે છે.

નગીનાશ્રમ, મીલીટરી રોડ,
શાન્તાક્રુઝ.
મકર સંક્રાંતી, સં. ૧૯૭૧.

મોહનલાલ ગોપાળજી દવે.

પ્રકાશકનો ખુલાસો.

કોઇ પણ કાર્ય, કારણ વગર હોઇ શકતુંજ નથી, એ વાક્યાનુસાર આ પુસ્તક પ્રસિદ્ધ કરવાની અમારી પ્રવર્તિ પણ સકારણજ હોવી જોઇએ, ને તે કારણ જણાવતાં પ્રારંભમાંજ અમો કર્તાના ઉદ્‌ગારોમાં કહીશું કે,

પુષ્પોનાજ પ્રસંગથી ભ્રમર તો, શંભુ શિરે જો ચડે
પુંજાતો પથરો વળી જગતમાં, સાધુ પ્રતિષ્ટા કરે
ખોટો કાચ જડાય કુંદન મંહી, દીસે મણિ જોત તે
ત્હેવો સંત તણો પ્રસંગ પડતાં, થાતા જનો સંત તે

ત્હેમજ સંત પ્રેમાનંદજી સાથ અમારો પ્રસંગ પડતાં, અમારા વિચારોનું સ્વરૂપ બદલાઇ તે સંતની પ્રવર્તિ તરફ સ્વાભાવિકજ અમારો મનવેગ વળ્યો, ને તેના પરિણામમાંજ સત્સંગ મંડળની ઉત્પત્તિ થઇ, કે જે મંડળના સદ્‌ઉદ્યમને અનુમોદન સાથે ઉત્સાહ આપવા જાફરાબાદ નિવાસી મ્હેતા ત્રીકમદાસ મેઘજીની ઉદાર સ્હાયથી—જાફરાબાદમાં એક રામચંદ્રજીનું મંદીર બંધાવી બીજાં કેટલાંએક (ચાલુ સમયને અનુસરતાં) પરોપકારી કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો.

આવાં આરંભાયેલાં પરમાર્થિક કાર્યના પ્રારંભ પ્રસંગે (જેમ વ્યહુવારીક વિવાહ આદિ પ્રસંગોમાં વિવિધ જાતની ભેટો—લ્હાણું—વહેંચવામાં આવે છે ત્હેમ) કઇ જાતની ભેટ વહેંચાય તો તે યોગ્ય ગણાય? એ વિચાર સ્ફુરતાં—આવા (રામચંદ્રજીના પ્રતિષ્ટા મહોત્સવ વખતે) ઇષ્ટાનંદના કાર્યમાં, સદ્‌વિચાર ને જ્ઞાનવૃદ્ધિ સાથ મનની શાન્તિ અર્પનારૂં કોઇ પુસ્તક ભેટ અપાય, તો તે અનુકુળ સમયની અનુકુળ ભેટ ગણાય. આવો નિશ્ચય થતાં રા. મોહનલાલે રચેલાં આ પદો, પુસ્તકના આકારમાં બહાર પાડવા પ્રયત્ન થયેલ છે, કે જેમાં આવેલાં પદો, ને અન્ય વિષય પર કર્ત્તાએ પ્રસ્તાવનામાંજ વિવેચન કરેલું હોવાથી—અત્રે એ વિષે નહિ લખતાં વિરમીયે છીએ.

સત્સંગ મંડળ અને ત્હેના વ્યવસ્થાપકો.

બંગડી બજાર મુંબઈ.

વીરજીભાઇ રેયાભાઇ,

ભીખાભાઈ માધવજી.

પદવાર અનુક્રમણિકા.

॥ ॐ तत्सत् ब्रह्मणे नमः ॥



શ્રી

સત્સંગ—સુધાકર.

મંગલાચરણ.

य एकोऽवर्णो बहुधा शक्तियोगाद्वर्णाननेकान् निहितार्थो दधाति ।
विचैतिचान्ते विश्वमादौ सदेवः स नो बुद्ध्या शुभया संयुनक्तु ॥

(श्वेताश्वतरोपनिषद्)

જે, એકજ વર્ણરહિત છતાં પ્રાણીયોના પ્રયોજન માટે વિવિધ પ્રકારના અનેક વર્ણના પદાર્થો, શકિતના યોગથી સૃજે છે, ને જેને વિષે આદિ, મધ્ય તથા અંત સમય વિશ્વ રહ્યું છે, તે સ્વયંપ્રકાશ પરમેશ્વર અમને શુભ બુદ્ધિ સાથે જોડો, અર્થાત્ સારી મતિ આપો.

यो ब्रह्माणं विदधाति पूर्वं योवै वेदांश्च प्रहिणोति तस्मै ।
तंहदेवमात्मबुद्धिप्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये ॥

(तै. उ.)

જે, પુર્વે પિતામહ (બ્રહ્મા) ને સૃજી ત્હેને જ્ઞાન પ્રેરે છે, તે જીવોની બુદ્ધિને પ્રકાશ કરનાર દેવને, મોક્ષની ઇચ્છાવાળો હું શરણ જાઉં છું.

(શાર્દૂલવિક્રિડીત છંદ.)

રક્ષા જે કરતો સહુ જગતની, પ્રાણી બધાં પોષતો
સૃષ્ટીની સ્થિતિને વળી લય મહા, જેની મતિથી થતો.
નીરાલંબ પવિત્ર નિશ્ચળ સદા, પોતે પ્રકાશી રહ્યો,
ત્હેને આ મમ ઉરના ઉમળકે, નિત્યે નમસ્કાર હો.
સાક્ષીરૂપ રહી અલિપ્ત અમમાં, ચૈતન્ય અંશે અહા,
વ્યાપ્યો જેહ વસુંધરા સભરમાં, વિસ્તારી માયા મહા.
ત્હોયે એ, નિર્લેપ નિત્ય નૃહરી, વેદોએ વર્ણી કહ્યો,
ત્હેને આ મમ ઉરના ઉમળકે, નિત્યે નમસ્કાર હો,
જેને સુજ્ઞ સબોધતા તત પદે, સચ્ચિદ્દ આનંદથી,
મૂમૂક્ષુજન તેહને સમજતા, વૈરાગ્ય વિવેકથી.
એવો જે ભગવાન ધ્યાન કરતાં, યોગીજનોએ લહ્યો,
ત્હેને "મોહન" ઉરના ઉમળકે, નિત્યે નમસ્કાર હો.

॥ आरंभक स्तुति ॥

૧ (રાગ—કલ્યાણ)

જય જગનાયક જગતાત્મને
પરિબ્રહ્મ રામ પરમાત્મને ટેક.
રાવણ હણ ખર દુષિર સંહારણ
ધારણ બાણ વિભિષણ તારણ
ભક્ત પરાયણ ભાર ઉતારણ
નારાયણ નિત્યાત્મને જય.
વાળી નિકંદન રઘુકુળ નંદન
મુનીવર વંદન ખલજન દંડન
વિઘ્ન વિખંડન વિશુદ્ધ મંડન
આનંદઘન અવિધ્યાહને જય.

અવધ બિહારી શ્રી અવતારી
લીલા પ્રસારી ધર્મ ઉદ્ધારી
તે પ્રભુ—ધારી અર્જ—લે તારી
'મોહન' જન સુંદાત્મને જય.

॥ शीव स्तवन ॥

૨ (રાગ—ભૈરવી.)

ભજ મનરે શમ્ભુ સદા સુખકારી, શંકર શીવ સુખકારી
સ્હાયક શરણાંગત શુળપાણી, સંકટ દેહે સંહારી ટેક.
કપાલ કલેન્દુ[૧] કંઠ રૂંઢમાળા, કંથા કામળી કાળી
કામ કજાલક કમલ નયન છે, તો' ય કૃપા કરનારી ભજ.
તાપ ત્રિવિધી તારણ તનના, ત્રિનેત્રી ત્રિપુરારી
તાત ત્રિભુવન ત્ર્મ્બક ધરજી, તત્ પદને તપધારી ભજ.
અઘ[૨] ઉધ્ધારણ ઉત્પતિ કારણ, અજરામર અવિકારી
અસંગ અવિચળ ૐકારેશ્વર, ઇષ્ટ અવિધ્યાહારી ભજ.
વિશ્વવિમોચક વિષધર વન્દે, વિઘ્ન વિકાર વિદારી
વિમળ વિરકતી વિબુદ્ધવિનોદી, વિનવું વારંવારી ભજ.
ભસ્માંગીને ભજતાં ભાવે, ભ્રમ ટળતો ભવભારી
ભય ભીડ ભંજન ભગવત ભોળા, ભકત ભલા લીયે તારી ભજ.
પિન્નાંગ પન્નંગધર પારવતિ પતિ, પાપને મુકે પ્રજાળી
પુણ્ય પરાયણ પરમ પ્રકાશી, પીડ હરે જે નકારી ભજ.
મહા કાળેશ્વર મતિધર મ્હોટા, મર્ણ કરે દુર મારી
મહા મંગળકારી મહાદેવજી, 'મોહન' મન લે ઉચ્ચારી ભજ.

॥ ईष्टाभ्यासीयोने अभिवंदन ॥

૩ (રાગ–પ્રભુની કૃપાના પાત્ર બન્ધુ. એ લય)

આવો પધારો બેસો બન્ધુ, છે પ્રણામ, છે પ્રણામ ટેક.
આનંદમાં જે અહર્નિશ ઉર ઉમળકે લેતા વિરામ

૧—ચંદ્ર. ૨—પાપ.

ન્હેવા ન્હમો આનંદી જનને, છે પ્રણામ, છે પ્રણામ.
લહી સાધને શાન્તિ સદા કરી દુર ઉપાધી તમામ
તે પરમશાન્તિ પાત્ર ન્હમને, છે પ્રણામ, છે પ્રણામ.
પ્રગટાવીને જે પ્રેમ હૃદયે સાધતા શ્રી ઇષ્ટનામ
વ્હાલા વિશુદ્ધ એ પ્રેમીયોને, છે પ્રણામ છે પ્રણામ.
અભિમાન ઇર્ષ્યા મોહમમતા નષ્ટ કીધા ક્રોધ કામ
સત્ય શિળ તે જીતેંદ્રિયોને, છે પ્રણામ, છે પ્રણામ.
વળી વિચરતા વિવેકમાં જે જગત આ ગણીને નકામ
ન્હેવા વિરકત વિવિકીયોને, છે પ્રણામ, છે પ્રણામ.
સદગુરૂથી સાવધ થયા જે મેળવવાને મોક્ષધામ
'મોહન' તે જીજ્ઞાસુઓને, છે પ્રણામ, છે પ્રણામ.

॥ श्री कृष्ण स्तवन ॥

૪ (રાગ–ભૈરવી)

ગુણ ગા રસના ગીરધારી, ગોવિન્દ ગોવર્ધન ધારી—ગુણ.
વૃજવનિતા વિઠ્ઠલ વર વ્હાલા, વંદ્રાવનના વિહારી—ગુણ.
કરૂણાળુ કમળા પતિ કેશવ, કંસ નિકંદનકારી—ગુણ.
યશોદા નંદન યદુકુલ વંદન, અવનિધર અવતારી—ગુણ.
પાંડવ પાળક પુરૂશોતમ રહ્યા, પરમ પ્રકાશ પ્રસારી—ગુણ.
મધુ સુદન માધવ મુકુંદજી, 'મોહન' ભજ ને મોરારી—ગુણ.

श्रीकृष्णनुं नाम कल्याणकारी छे.

૫ (રાગ–ગોકળીયું ન્હાનું ગામડીયું, શ્યા માટે૦–એ લય.)

કહે કૃષ્ણ, કહે કૃષ્ણ, કરે કોટી તે કલ્યાણ
કરે કોટી જે કલ્યાણ, કરે કોટી જે કલ્યાણ — કહે.
ખરે ખેલ ખોટો, ગણી જગ ગોટો[૧]
ઘડી ઘડી ઘનશ્યામે, ચિત્ત ચોડી લેને લ્હાણ — કહે.
છતું સુખ છોડી, જુઠે મતિ જોડી
ગુંજ્યો[૨] જો તું, જગમાં તો, ગયો જન્મ એળે જાણ — કહે.

૧–ગુંચવણ ભરેલું. ૨–લુબ્ધ થઇ વ્યવહાર ખેડવો.

ત્રિભુવન તારણ, તાપત્રિ ટાળણ
ધરી ધ્યાને ધણિ સાચો ; તરી જાને તું ધીમાન્ કહે.

દયાળુ છે દેવા, નર[1] કરે શેવા
એવા નારાયણ નામે, ગળે ગર્વ ને ગુમાન કહે.
પાપ પ્રજાળે, પુણ્ય વધારે,
ફરી ફેરા વળી ટાળે, ગોવિંદ ગુણગાન કહે.
માટે તું મોહન, યજ યદુનંદન
રટી લેને હૃદયેથી, રમાનાથ ધારી જ્ઞાન કહે.

॥ શ્રીકૃષ્ણ બાળલીલા ॥

૬ (રાગ–બોલું કયા મેરે મોહનકી બતીયાં–એ લય.)
દેખોરી કયસે, ખેલે કન્હૈયા ;
સાંવરી[2] સુરત[3] સુખ-દૈયાં હો દૈયાં, દૈયાંરી કયસે.
લટકંત લટકંત ફીરતે દેખત
મલકંત[4] મુખસે મૈયા[5] હો મૈયા, મૈયારી કયસે.
મોર મુગટ અરૂ કુંડલ રાજત
બાઝત નેપૂર પૈયાં[6] હો પૈયાં ; પૈયાંરી કયસે.
માંખન મીસરી[7] પાવત[8] નાચત
ગ્વાલકે[9] બાલકર સૈયાં[10] હો સૈયાં, સૈયાંરી કયસે.
દધીકે કારન ચોરત મટૂકી
ફોરત ડારી રવૈયાં[11] રવૈયાં, રવૈયાંરી કયસે.
પુઠે પરત જબ બ્રજકી નારી
પકરત મૈયાકી બૈયાં[12] હો બૈયાં, બૈયાંરી કયસે.
લીલા પ્રભુ કુછ કહી ન જાવે
'મોહન' ગાત ગીતૈયાં[13] ગીતૈયાં, ગીતૈયાંરી કયસે.

૧–અર્જુન. ૨–શ્યામ. ૩–મુખ. ૪–રાજી થવું. ૫–માતા. ૬–પગે. ૭–સાકર. ૮–ખાવું. ૯–ગોવાળીયાના ૧૦–મિત્ર. ૧૧–છાશ કરવાની રવાઇ. ૧૨–હાથ. ૧૩–ગીત.

॥ श्रीब्रह्मचारीजी बजरंगना गुणगान. ॥

७ (રાગ–લાવણી)

બજરંગ અંગ છોવજા, કાળ દાનવના
છો અંજની કેરા સુત દુત રાઘવના
ચોગી અનુપમ અદ્દભુત બાળ બ્રહ્મચારી
હનુમંત સંત મહાકાય સ્હાય કરો મ્હારી.
લેવા સતિની સંભાળ ફાળ એક મારી
બાળી લંકા નિજ પૂછ અસુર[1] વિદારી
દશમુખને[2] દેવા દંડ સ્કંધ હરીધારી
હનુમંત સંત મહાકાય સ્હાય કરો મ્હારી.
અતિ અસુર ક્રુર દુરમતિ અહિને[3] મારી
લાવ્યા લક્ષ્મનને કાજ બુટ્ટિ[4] ઉપચારી
કરે કાળ ન જેની આળ એજ અવતારી
હનુમંત સંત મહાકાય સ્હાય કરો મ્હારી.
કળીયુગમાં પણ કર્યો વાસ દાસ દુઃખ હરવા
શાલીંગપુરના થઇ શ્યામ ધામ તે કરવા
વળી ભૂરખીઆ ભીડભંજ રંજ દુઃખહારી
હનુમંત સંત મહાકાય સ્હાય કરો મ્હારી.
તમ ભજન યજનને પુજન કરે જે ભાવે
નાહિ વિઘ્ન વિટમ્બણ વાટ ઘાટ ઘર આવે
મોહન–મન શ્રદ્ધા સત્ય સદાય ત્હમારી
હનુમંત સંત મહાકાય સ્હાય કરો મ્હારી.

॥ परमयोगी हनुमंतना पराक्रमनो पाठ ॥

૮ (રાગ–એક ચતુર નાર–એ લય).

રૂદ્રાવતાર,[5] અંજનીકુમાર, અરિ[6] મારમાર
કીધો સંહાર, નમું વારવાર, તજીને વિકાર રૂદ્રા.

૧—રાક્ષસ ૨—રાવણ ૩—અહિરાવણ દૈત્ય ૪—દ્રોણાચળની ઔષધિઓ.
૫–શંકરનો અવતાર. ૬–શત્રુ.

હનુમંત સંત, ઉદધિ[1] કુદંત, પુચ્છે પલંત
લંકા દહંત[2], ભગવંત નામ, નિશદિન ભજંત. રૂદ્રા.
લઇ સ્કંધ રામ, સંગ્રામ કામ, કીધાં તમામ
ફરી ઠામ ઠામ, લેતા વિરામ, કહી અવધ શ્યામ. રૂદ્રા.
અહિમહિ[3] નરેશ, લઇ સંગશેષ[4], હરી હૃશીકેષ[5],
વિચર્યા વિદેશ, (તેને) હણ્યાં[6] ગ્રહી કેશ, કરી ભદ્રવેશ[7]. રૂદ્રા.
શરબાણ અંગ, વાગ્યું ભુજંગ[8], થઇ શુદ્ધી[9] ભંગ
પડીયા પન્નંગ[10], બજરંગ રંગ રાખ્યો પ્રસંગ[11] રૂદ્રા.
કીધાં અપાર, તુજ કામ સાર, આવે ન પાર
ગણુતાં લગાર, હવે કરી વ્હાર, મોહન ઉગાર. રૂદ્રા.

॥ वाणी तो एज छे, के जेमां रामनुं नाम आवेछे ॥

૯ (રાગ—હાંરે પ્રેમ સાચો પ્રભુતણું ધામ છે—એ લય)

હાંરે એક સાચું તે રામ તણું નામ છે
હાંરે વિના બોલ્યું એ સર્વ નકામ છે;
સર્વ નકામ છે. હાંરે એક૦
ખાલી કુટારા મુખે જે કરાય છે
ગામ ગપાટા ગંદા જે મરાય છે
રસના[12] ન એની એતો ચામ[13] છે;
હાં, એતો ચામ છે. હાંરે એક૦
વૈખરી[14] અશુદ્ધ શુદ્ધ બુદ્ધ ભૂલી જાય છે
કરી લોક નિંદા અવગુણ અતિ ગાય છે
જાણો તે મુર્ખો ના જામ[15] છે,
મુર્ખો ના જામ છે. હાંરે એક૦

૧—સમુદ્ર. ૨—બાળી. ૩—અહિરાવણ ને મહિરાવણ. ૪—લક્ષ્મણજી. ૫—રામચંદ્રજી. ૬—માર્યા. ૭—ભદ્રકાલીનું સ્વરૂપ લઇ ૮—લક્ષ્મણજી—૯—૧૦—લક્ષ્મણજીને મુર્છા થઈ ૧૧—સમય સાચવ્યો ૧૨—જીભ ૧૩—ચામડું ૧૪—બાહ્યવાણી ૧૫—સરદાર

ધન્ય ધન્ય રામ જેને મુખ ઉચ્ચરાય છે
પ્રલે[1] થઇ પાપ ત્હેના તાપ સૌ ઓલાય છે
મોહન એ વિશ્વના વિરામ છે,
વિશ્વના વિરામ છે. હાંરે એક૦

॥ राम रसायनथी तनमननी पुष्टि थई भवनो रोग भागेछे ॥

૧૦ (રાગ–આશાગોડી)

રામ રસાયન ચાટયું, મેં તો, રામ રસાયન ચાટયું.—ટેક.
ચાટયે ટળીયો રોગ હૃદયનો, ભવ ભય કેરી ભાઠયું મેં તો.
કીડ હતી જે કર્મ તણી તે, કાઢી દર્દને દાટયું મેં તો.
તન ત્રિવિધી તાપે તપતું, શીતળ રસથી તે છાંટયું મેં તો.
નિવારણ[2] થઇ મમ નિર્બળતા, મસ્ત બની અંગ માત્યું[3] મેં તો.
ઉભરાયેછે અતુલિત બળ ત્યાં, અંતર આકાશ ફાટયું મેં તો.
વૈદ મળ્યા'તા વિરલા સંતો, મો–હન ઔષધ વાટયું મેં તો.

रामरगडो (कडूवो) पीवा संतोने आमंत्रण ॥

૧૧ (રાગ–હાંહાંરે રૂષિઓ ચાલો–યજ્ઞ થાય પ્રધાન ઘેર મોટો.)

હાંહાં રે સંતો ચાલો, પીયો રગડાનો પ્યાલો, પીધ્યે ન આવે તુટો;
સંતો રામ કસુંબો લુંટો.
અંતર દેશેથી ખોળી, લાવ્યા છે એની ગોળી,
ગુરૂએ કીધો કુટો—સંતો રામ.
પ્રેમેથી પીતાં પ્યાલી, દાડી થાયે દીવાળી,
બળેછે દુઃખ પુટો—સંતો રામ.
લાગે ખુમારી ખાસી, પીતાં પળતી ઉદાસી,
ઘમેલ જ્ઞાને ઘુંટયો—સંતો રામ.

૧–બળેછે. ૨–ટળી ગઇ. ૩–મસ્ત થયું.

આવેછે લ્હેરો ઉંડી, ફોડેછે કર્મ કુંડી,
ખસેડે જન્મ ખુંટો–સંતોરામ.
નિશો છે અમ્મર એવો, ઇચ્છે છે જેને દેવો,
ત્યારે તો ઝટ ઝુંટો–સંતોરામ.
જેણે એ પીધો સમજી, ત્હેનેવશ થયા ત્રિકમજી,
"મોહન" થયો તે[1] છુટો–સંતોરામ.

॥ रामनुं भजन भवजन्ममांथी निश्चय तारे छे ॥

૧૨ (રાગ ધનાશ્રી)

રામભજન ભવ પાર, ઉતારે અલ્યા, રામભજન ભવ પાર—ટેક.
સંશય ત્હેમાં ના ધર શાણા, નિશ્ચય એ નિરધાર ઉતારે.
પુર્વતણાં મળનું[2] બળ ખાળી,[3] બાળી કરે તે છાર[4] ઉતારે.
આધી દૈવી ભૌતીક અધ્યાતમ, તાપ ત્રી ટાળણહાર ઉતારે.
ગાઢ[5] અવિદ્યા[6] તિમિર ટાળી, કરે હૃદય ઝળકાર ઉતારે.
કરે સ્વરૂપની સદ્ય સમીપે, દર્શાવી નિજ દેદાર ઉતારે.
ભય ટળવા મૃત્યુ જય કરવા, "મોહન" કર વે'પાર ઉતારે.

॥ हे भाई, भवनो फेरो सफळ करवा रामने भज ॥

૧૩ (રાગ—પ્રભાતીયાનો–રામ ભજતું પ્રાણીયા–એ લય)

રામ રટજે રામ તું
ત્હારાં કોટી કર્મ તે કાપશે (૨)
ત્હારાં પૂણ્યને પ્રગટાવશે રામ.
"જે જે રામ, સીતાશ્યામ"
જીવડલા તું જાજે જાગી
જગતમાં થાતો ન રાગી
ત્યાગી રહે જે વિષયથી તો રામહૃદયે વ્યાપશે. રામ.
"રાજા રામ પૂરણ કામ"
આશરો જો લઇશ એનો

૧–જન્મ મર્ણના બંધનથી છુટયો. ૨–પાપનું ૩–અટકાવી ૪–ભસ્મ ૫–ઘાટું ૬–અજ્ઞાન.

ભય કદી રહેશે ન કે'નો
જેનો પુર્ણ પ્રતાપ ત્હારાં ભવનાં બંધન ભેદશે   રામ.
"રાઘવરામ ભકતવિરામ"
શાસ્ત્ર વેદને સંત કે'છે
સાર આ બે અક્ષરે છે
"મોહન" જાણુને જતનથી તો સફળ આ ફેરો થશે.   રામ.

॥ रामथी विमुख थता जीवात्माने अभिमुख थवा शिखामण ॥

૧૪ (રાગ—ગરબી–ઓધા જાણુરે એને અમે જાણીયે–એ લય)

સીતારામથી ન છેટે તું એ ચાલતો જા
ધીમે ધીમે પણ નિકટમાં આવતો જા   સીતા.
વેગ વૃત્તિયોના સઘ તું શમાવતો જા
ક્રમે ક્રમે મન પ્રાણને દમાવતો જા   સીતા.
નહિ વૈખરી[1]થી નામ એ ઉચ્ચારતો જા
પણ પરા[2] થકી શબ્દ તું પ્રગટાવતો જા   સીતા.
જપ યાગ કરી ધુન્યને લગાવતો જા
અચળ શ્રદ્ધાથી મન–ન ડગાવતો જા   સીતા.
નહિ ધ્યાન ક્ષણું એક તું વિસારતો જા
ભૂલી ભાન માન જ્ઞાનને વિચારતો જા   સીતા.
રામ સંગ રંગ લાગતાં વિરામતો જા
"મોહન" આ મુસાફરી[3]થી કંઇક કામતો[4] જા   સીતા.

॥ रामनामज मोक्षनो महा मंत्र छे ॥

૧૫ (રાગ—કર મન ભજનનો વ્હેપારજી–એ લય)

રામનું લે નામ, જીવડા સરે ત્હારૂં કામ, જાવા ધણી કેરે ધામ,
જીવડા, રામનું લે નામજી   ટેક

૧–બાહ્ય અસત્ય વાણી. ૨–અંતરની સત્ય વાણી. ૩–જન્મ. ૪–કમાણીકર.

જેહ નામેથી તર્યાં પ્રહેલાદને હનુમાનજી,
વળી વિવેકી વિરલા જે વિભિષણ ગુણવાન   જીવડા.
વાલ્મિકને વિશ્વાસ આવ્યો, નામ એ નિરધારજી
નાવ તેથી નામનું લઇ, તરી ઉતર્યાં પાર   જીવડા.
કળીયુગમાં પણ જો પ્રત્યક્ષ દીસે ઘણાંએ પ્રમાણજી
સમર્થ સ્વામી રામદાસે, લીધી એ રસ લ્હાણ   જીવડા.
વળી મુકત થયા જીવત્વથી, ટાળી ત્રિવિધી તાપજી
એવા એ, તુલસી સંતને, એ નામનોજ પ્રતાપ   જીવડા.
પ્રયત્ન તો પછી નામ લેવા કાં, કરે ન ગમારજી
નામ લેતાં દામનો નહિ, ખર્ચ છે તલભાર   જીવડા.
અંતર્ગતે કરી ઐકયતા, આ નામના ગુણ ગાયજી
"મોહન" માયા જાળ કાપી, મોક્ષમાં તે જાય   જીવડા.

॥ रामधुन ॥

૧૬ (રાગ—હું છું અખંડ સુખઘનબ્રહ્મ—એ લય)

જે, જે, સતિ સીતાપતિ શ્યામ, જે, જે, અવધ બિહારી રામ
જે, જે, કાળ તણાઓ કાળ, પ્રગટયા દશરથના થઇ બાળ
જે, જે, આનંદ ઘન અવિનાશ, જેને જન્મ જરા ન વિનાશ
જે, જે, સત્ ચિત્ આનંદ રૂપ, ભજતાં ભકત તરે ભવકુપ
જે, જે, ત્રિગુણાતીત પરમેશ, જેમાં કાળ વસ્તુ નહિ દેશ
જે, જે, અવતારી અજ પૌત્ર, જેને શોધે યોગીશ્રોત્ર
જે, જે, માયા પતિ મહારાજ, લીલાએ કરી થયા રઘુરાજ
જે, જે, સર્વ વેદના સાર, જેમાં વધઘટ કે ન વિકાર
જે, જે, દશરથ નંદન દેવ, "મોહન" દયો ભક્તિ તત્ખેવ

॥ सद्गुरु शर्ण जई अनुग्रह ईच्छतो शिष्य ॥

૧૭ (ભુજંગી છંદ).

નમું સદગુરૂદેવ હું શિશ નામી, અહો, આજ આ આપનું ચર્ણ પામી
કૃપાનાથ મ્હારા હવે અર્થ સારો, કરી સદગુરૂ વ્હાર સંસાર તારો.

નહિ યોગ્ય હું આપના આશરાને, કર્યાં કેમ જે કર્મ કુડાં કુ–બાને
પરંતુ પ્રભો આપ તે તો વિસારો, કરી સદ્‌ગુરૂ વ્હાર સંસાર તારો.

સદ્દાચાર આચાર કે ન્યાયનિતિ, હતી પાળવામાં નહિ મ્હારી પ્રિતી
વળી વિત્તમાં[1] હિત હું માનનારો, કરી સદ્‌ગુરૂ વ્હાર સંસાર તારો.

અહોનિશ મ્હેં ક્લેષ ને દ્વેષ કીધો, નહિ આશરો અન્યને અલ્પ દીધો
પછી કયાં બનું સાધુને સેવનારો, કરી સદ્‌ગુરૂ વ્હાર સંસાર તારો.

ગણાવું છતાં સર્વથી હુંજ ડાહ્યો, ભુલી ભાનને માનમાં હું મરાયો
બન્યો ભોગથી ચિત્તના ખાળનારો, કરી સદ્‌ગુરૂ વ્હાર સંસાર તારો.

કદી વાત વેદાન્તની ના વિચારી, સહુ કાંણુ સંસારની ઉર ધારી
થયો ના વળી સાધનો સાધનારો, કરી સદ્‌ગુરૂ વ્હાર સંસાર તારો.

કરૂં એટલી વાત હું આપ પાસે, ડરૂં આજ દીલેં હવે એજ ત્રાસેં
કંઇ જન્મના પુણ્યથી થ્યા વિચારો, કરી સદ્‌ગુરૂ વ્હાર સંસાર તારો.

હવે હાથ ઝાલો હરી હેત લાવી, ટળે સઘ જેથી સહુ ક્રુર ભાવી
મટે મુંઢતા ને અતી મોહ મ્હારો, કરી સદ્‌ગુરૂ વ્હાર સંસાર તારો.

કહે કેમ જે આપને બ્રહ્મરૂપ, બધા દેવના દેવને રાય ભૂપ
કરો દ્રષ્ટિ તો કાળ કંપે બિચારો, કરી સદ્‌ગુરૂ વ્હાર સંસાર તારો.

ગણ્યા છે હવે તાતને માત મ્હારી, પ્રભો, આપને દીનબન્ધુ વિચારી
ધરી છાંય તો પાંખમાં લૈ ઉગારો, કરી સદ્‌ગુરૂ વ્હાર સંસાર તારો.

ખરા જ્ઞાનની વેદમાં વાત જે છે, કળા ગુપ્ત ત્હેની ત્હમોમાં રહે છે
દઇ બોધ ત્હેનો અવિદ્યા નિવારો, કરી સદ્‌ગુરૂ વ્હાર સંસાર તારો.

ભમુંના ભવેં કે ભગે[2] જન્મ ધારી, ગુરૂ અંતમાં અર્જ એ એક મ્હારી
કહી "મોહને" વાત આ ઉર ધારો, કરી સદ્‌ગુરૂ વ્હાર સંસાર તારો.

૧–લક્ષ્મીમાં ૨–યોનીમાં

॥ सद्गुरु प्रति मुमुक्षुजनोनी याचना ॥

૧૮ (રાગ—દરબારી કાન્હડો)

ગુરૂ, અનુગ્રહ આજે કરજો.
ભારી ભવાબ્ધિમાં ભટકાતા, જીવ તણું[1] દુઃખ હરજો ગુરૂ.
કૃપા કરી કરૂણા સિંધુઓ, કર અમ શીર પર ધરજો
અભય, અભય, આશિષ એ આપી, સંકટ સદા સંહરજો ગુરૂ.
વ્હેતું અમૃત જે તમ ચર્ણે, તે અમ ઉપર ઢળજો
હાશ, હાશ, હૈયામાં પ્રગટી, તાપ ત્રિવિધી ટળજો ગુરૂ.
સ્વીકારી સાષ્ટાંગો ચરનાં પ્રસન્ન વદને વદજો
આ જગ શું, ને હું કોણ છઉં તે, વાત બધી વર્ણવજો ગુરૂ.
જીવ, અને શીવ, એકયાં તત્વો ? બોધ તે ઉરમાં ભરજો
આપ દયાથી જ્ઞાન એ અમને, અનુભવમાં ઉતરજો ગુરૂ.
યોગ્ય તપાસ કરી અધિકારે, સાધન ક્રમ શીખવજો
ગુપ્ત કળા ગુરૂજી તમ પાસે, તે પણ સંગ પઠાવજો ગુરૂ.
અલ્પ જ્ઞાનનું દાન દઇ ના, ઘેર ઘેર ભીખવજો
"મોહન" મહાધન[2] આપી અખુટું[3], આપ પછી સંચરજો ગુરૂ.

॥ सद्गुरु भेटवाथीज स्वरुपनुं संशोधन थई शके छे ॥

૧૯ (રાગ–બ્રહ્મરસ પીધો–અથવા સુરતા લાગી છે જેને–એ લય.)

સદ્ગુરૂ ભેટયા એના સંશય છેદયા
જેને સદ્ગુરૂ ભેટયા.
નિત્ય અનિત્ય કેરો નિશ્ચય કીધો
સીધ્ધો ચાલીને રીપુષડ્[4]ને તે જીત્યા જેને.
રજ્જુ[5] વિષેથી ગઈ સર્પની શંકા
જીવત્વનારે ત્હેમ સહુ ભ્રમ ટુટયાં જેને.

૧–સેવકની ૨–તત્વ જ્ઞાન રૂપી મોટું ધન ૩ ખુટે નહિં તેવું. ૪–છ શત્રુ (કામ ક્રોધ વિગેરે). ૫–દોરી

શેષ સંચય હતા કર્મના કોષો
દોષો દહન કરવા બ્રહ્માગ્નિ પેટયા[1] જેને.
અનુભવ એવે દીઠો દેહનો સાક્ષી
સ્વરૂપ શોધી તે શીષ્યો ચર્ણમાં લેટયા[2] જેને.
ભેદ ટળીને સઘળે બ્રહ્મજ ભાસ્યો
"મોહન" તેણે જીત્યા જમડા અજેતા[3] જેને.

॥ मायाजा..मांथी मुक्त करावबा सद्गुरुश्रीने विज्ञप्ति ॥

૨૦ (રાગ–ભૈરવ–દીનાનાથ દયાળ એ લય)

ગુરૂ રાયા, માયા જાળ કાપી, શિષ્યને છોડાવજો
ઓ પ્રભુ, ભવબંધને, ગુચવણમાં ગુંચાઇ ગયો હું
ઓ, ગુંચ ઉકેલનાર ગુરૂ, એમાંથી મુકત કરાવજો ગુરૂ.
ફરી ફરી ફાંફાં મારી થાકયો, દીઠું ન દૃષ્ટે કોઇ બારૂં
તેથી હે, મમ સ્વામી સાચા, સરળ પંથ બતાવજો ગુરૂ.
કદી કાળ ફાળ મારી આવે, અચાનક લેવા મ્હને
દીનબન્ધુ આ દાસ ડરતો, વેળ ના વિતાવજો ગુરૂ.
વદવું શું વદને વધારે, સ્વલ્પમાં સ્હમજો છો સર્વે
મોહન–ઓ, મતિમાન મ્હોટા, સંત બિરદ શોભાવજો ગુરૂ.

॥ संसारथी श्रमित थयेला सुज्ञनी सद्गुरुपासे प्रार्थना ॥

૨૧ (રાગ. નાથ કયસે ગજકો બંધ છોડાયો–એ લય.)

ગુરૂ, મેતો બાંય ગ્રહિ છે ત્હમારી, જગ ખટપટથી હવે હારી ગુરૂ.
સંસાર રગડામાં હું રગડાયો ને અનુભવ લીધો ઉતારી
સ્વાર્થ તણાં જોયાં સર્વ સંબંધી, માતા પિતા પુત્ર નારી ગુરૂ.
મ્હારાં, મ્હારાં, પણ દુર રહેનારાં તે કપરી વેળાએ વિચારી
અંત સુધી પણ આપ અવિચળ, સંગે રહો સુખકારી ગુરૂ.

૧–સળગ્યા ૨–પડયા ૩–જીતી શકાય નહિ તેવા.

થાકેલો બેલ પડે પુંછલે[1] જેમ ચરવાની મુકીને ચારી[2]
ત્હેમ કરી ખેડ આ દુનીઆની, થાકયો હવે હું તો ભારી ગુરૂ.
નાવ[3] મળે નીરમાં ડુબતાને તે સદ્ય લીએ છે ઉગારી
ત્હેમજ હે, ગુરૂરાયા માયા થકી, આપ લેજો મ્હને તારી ગુરૂ.
શરણમાં લીધો તો શર્મ ત્હમારે છે કરજો ઘટે તે તૈયારી
"મોહન" મનનું તિમિર[4] ટળવા જ્ઞાનની જ્યોત પ્રસારી ગુરૂ.

॥ अंतर यमुनामां स्नान करवा योगाभ्यासीओने निमंत्रण ॥

૨૨ (રાગ-દુર્ગમ બ્રહ્મ ગુફામાં યોગી ચાલજો)

સાધક અંતર યમુનામાં[5] ન્હાવા આવજોરે
આવજો, આવજો, આવજોરે સાધક.
અનુભવી જન એમ અનેક કહે છે
સંગે ફો, સંત ગુરૂ લાવજો રે સાધક
કારણ કે સર્પ[6] કાળિ સુતો તે દ્વારમાં
ગુરૂની કળેં તે જગાવજો રે સાધક.
પ્રાણ[7] રૂપી મોરલીનો નાદ કરી ધૈર્યથી
વક્રઅંગ[8] સર્પને ચળાવજો રે સાધક.
યુક્તિથી દાવ સાંધી નાથી એ નાગને
ઉંચે ગગનમાં ઉછાળજો રે સાધક.
નિર્ભય થઇ પછી યમુનાના નીરમાં
આનન્દથી ઝંપલાવજો રે સાધક.
ત્રીવેણી ઘાટમાં મુકી ઉચાટને
તાપ ત્રિવિધીના ટાળજો રે સાધક.

૧-કામ કરવાને અશક્ત ૨-ખાવાનું ઘાસ ૩-વ્હાણ ૪-અજ્ઞાનરૂપી અંધારું ૫-સુષમણા નાડી. ૬-સર્પાકારની વક્ર નાડી (કુંડલીની) ૭-પ્રાણાયામ. ૮-વક્રનાડી.

વ્હેતી જયાં યમુના બ્રહ્મ સીન્ધુમાં ભળી
કૃષ્ણ રૂપ ત્યાં મળી કહાવજો રે સાધક.
"મોહન" ચિત્ત મન લય કરી ચિતિમાં
પૂર્ણ "પ્રેમાનંદ" પામજો રે સાધક.

॥ अभिमानि जीव ईश्वरने आराधी शकतो नथी ॥

૨૩ (રાગ–નથી જગતમાં સાથ સંબંધિ વિના ત્રીભુવન નાથ.)

અભિમાન બંધે બાંધ્યો રે, જીવ કયાંથી ભજે કિરતાર,
કહો ઝંઝીરમાં[૧] ઝકડાઇ પછી જન કેમ ઉતરે જળપાર—ટેક.
અંધા આગળ આરશી, આણી આપે કોય,
યત્ન કરે એ આંધળો, પણ નિજ મુખ નવ જોય
ત્હેમ અંધ બન્યો અહંકાર વિશે નવ સુઝે સ્વરૂપ વિચાર–અભિ.
બ્હેરા નિકટે ખુમથી, ગાઓ સુંદરગાન
કહેતાં કંઠ સુકે છતાં, તે ધરશે નહિ કાન
હુંપદમાં[૨] પણ રહેનાર ખરે, એમ સત્ય લહે ન લગાર અભિ.
અંતર[૩] આ અવનિ અને, ઉંચે જે આકાશ
ઇશ્વરને અભિમાનમાં, અંતર ત્હેવું ખાસ
પછી કયાં મળે વિશ્વાધાર, કરે ભલે મોહન–યત્ન અપાર અભિ.

॥ परोपदेशे पांडित्यं ॥

૨૪ (રાગ—હું સોનારણ મદમાતી—એ લય)

હું કહેવામા છઉં શુરો, કરવામાં પુર્ણ અધુરો—ટેક.
શીખામણ દેતો સઘળાને, સંત બની હું મહંત
પણ પોતે ચાલું નહિ સીધો, છતાં ગણું ગુણવંત હું.
બોલી હું બીજાને કહેતો, મન કરજો મજબૂત
તદપિ મુજ મન તો ઝન[૪] માફક, ભમતું થઇને ભૂત હું.

૧–બેડી ૨–અહંકાર ૩–છેટું ૪–પીશાચ.

કરતો ક્રોધ કદી દેખું કોઇ, ત્હેનો પકડું કાન
પણ હું તો ત્હેવી વેળાયે, લડતો થઇને શ્વાન હું.
વળી વિષયની વાત કરે કો' તેને વંઠયો કહું છું
છતાં વનિતા[1]ની વાંસે હું, વ્હાલે વળગ્યો રહું છું હું.
માન મનુષ્યો ઇચ્છે એને, કહું અહંકારી કોળી
ત્હોયે મુજ મનમાં હુંપદની, મ્હોટી સળગે હોળી હું.
લાલચ લોભે મોહ કરે તો, તે, અવગુણ કહી ગાતો
અષ્ટયામ[2] અંતરથી પણ હું, તૃષ્ણામાં ટીંગાતો હું.
ભાષણ કરતો ભરી સભાએ, સત્ય વચનને કાજ
કહેતાં જુઠ પરંતુ કદીયે, હું આણું નહિ લાજ હું.
જરા જરા વાતોએ વદતો, જગ-આ જુઠું જાણો
તોપણ જુઠા જગનો કંઠે, બાંધ્યો મેં તો પાણો હું.
વર્ણન આ મમકૃતિ વૃતિનું, સુણતાં નવ સુગાશો
ખોળો તમમાં પણ અવગુણ એ, કરી બેઠા હશે વાસો હું.
'મોહન' કો, વીરલા મહાજન જે, ઉચ્ચરે તે આચરંતા
બાકી તો આ જગમાં જોયા, પોકળ પંડિત ફરતા હું.

॥ गुणहिण छतां गुरु थई बेठेला बग भगतने बोध. ॥

૨૫ (રાગ–સીહાનો કાન્હડો.)

અરે રે અભાગી શું થઇ અંધો, બેઠો પ્રભુ ઠગવા લઇ ધંધો—અરે.
માળા ત્હેં તો પ્હેરી મ્હોટી, દીસે છે પણ દાનત ખોટી—અરે.
કીર્તિને માટે કરતો ભકિત, અંતરથી મન ના છે વિરકિત—અરે.
ભેગાં કીધાં ભોટ જનોને, બેઠો સિદ્ધ બની અભિમાને—અરે.
બેસે મીંઢી થઇ મંજારી, ત્હેમ ગુરૂ તું થયો અવિચારી—અરે

૧–સ્ત્રી. ૨–આઠ પ્રહર.

ચેલી બનાવી બહુ ચતુરાને, ધર્મથી ભ્રષ્ટ કરી તેં પરાણે—અરે.
નિસ્પૃહતાની વાતો કરતો, એમ છતાં વિત્તમાં ચિત્ત ધરતો—અરે.
દંભ પ્રપંચે પેઢી ચલાવી, હરી નામે તેં તો લુંટ લગાવી—અરે.
માલ હરામી હરીયા પરના, ચેલા ના રહ્યા ઘાટ કે ઘરના—અરે.
આમ છતાં પણ શર્મ ન આવે, દાસ પ્રભુનો તું કે'વરાવે—અરે.
પ્રભુના દાસો તો પ્રભુ જેવા, ત્હારે ને ત્હેને ન લેવા દેવા—અરે.
'મોહન' મનમાં કરને વિચારો, હરિ ત્હુંથી છેટે ગાઉ હજારો—અરે.

॥ वर्तमान समयनो व्यवहार अने विषय विलासीओनी व्युह रचना ॥

૨૬ (રાગ–જન જુઓ વિષયના અંધારે—એ લય.)

ચતુરાના બનીયા ચેલા રે, આ જુઓ મુર્ખ મન ઘેલા. ટેક.
શુદ્ધ પ્રેમમાં મુકી કાંડી, વાત વિષયની છે એક માંડી
લોંડીથી લંપટ રે'લારે, આ જુઓ મુર્ખ મન ઘેલા. ચતુ.
ગૃહસ્થાશ્રમ કીધો ગોજારો, વિસર્યા ધર્મ ધર્યા વિકારો
વિલાસી થયા વંઠેલારે, આ જુઓ મુર્ખ મન ઘેલા. ચતુ.
આર્ય તણા આશ્રમની રીતી, છોડી લીધી શ્વાનની નીતિ
મદન મહીં માતેલારે, આ જુઓ મુર્ખ મન ઘેલા. ચતુ.
મતિહિણુ મહિલાની પાસે, મરકટ સમ તે થઇને નાચે
મોહ રંગે રંગેલારે, આ જુઓ મુર્ખ મન ઘેલા. ચતુ.
શુંમાં જે ગીંગો ગણુગણુતો, સુખ સદા તે ત્હેમાં ગણુતો
વિષયોમાં એમ પચેલારે, આ જુઓ મુર્ખ મન ઘેલા. ચતુ.
મંત્રીપદ વિષયોને દીધું, થાય પછી કયું કારજ સીધું.
સંસારે એમ સડેલા રે, આ જુઓ મુર્ખ મન ઘેલા. ચતુ.
પુરૂષાર્થ શું તેથી થાશે, કીડી સંઘ શું કાશી જાશે ?
'મોહન' જીવતાં જ મરેલારે, આ જુઓ મુર્ખ મન ઘેલા. ચતુ.

॥ चाडीखोरथी छेटे रहेवामांज सज्जननुं श्रेय समायेलुं छे ॥

૨૭ (રાગ પુર્વોકત.)

જન કુડ હૃદયના કેવારે, ભૂંડા પડયા હેવા ટેક.
ભટકાવી મારે ભરમાવી, અહિંનું લઇને ત્યાં સળગાવી,
નહિ નિજને લેવા દેવારે, ભૂંડા પડયા હેવા. જન.
શ્વાન પેટમાં ખીર ન પચતી, એમ ઉરમાં વાત ન ટકતી
મેળાવે મરચું એવારે, ભૂંડા પડયા હેવા. જન.
સવળાનું અવળું જઇ કહેતા, વૈર કરાવીને રસ લેતા
જેમ મળીયા મીઠા મેવારે, ભૂંડા પડયા હેવા. જન.
વિઘ્ન વિષે સંતોષી થાતા, પરનું સુખ જોઇ તે બળતા
અંતરમાં અગ્નિ જેવારે, ભૂંડા પડયા હેવા. જન.
અધિક પાંસળીવાળા એને, કહી જગ લોકો નિંદે જેને
ધિક્કાર સદા એ સ્હેવારે, ભૂંડા પડયા હેવા. જન.
સજ્જન એ, ચેતો ત્હેનાથી, કરો નહિ ચાડીખોર સાથી
(જો) 'મોહન' ઇચ્છો સુખ લેવારે, ભૂંડા પડયા હેવા. જન.

॥ सर्व साधननुं मूळ ब्रह्मचर्यज छे ॥

૨૮ (રાગ-રૂપે શું મન રાચોરે-એ લય.)

પાયો છે નહિ પાકોરે, ચણનારો ચણી થાકયોરે,
ના મહેલ બન્યો. (૨)

બ્રહ્મચર્યનો ભંગ કરી એમ કરવા બેસે ધ્યાન (૨)
સ્થિર રહે ના શરીર વૃત્તિ, ભેટે કયાંથી ભગવાન;
ભલે કાઢે ભવ આખોરે, ચણનારો ચણી થાકયોરે ના મહેલ.
મુળ પરે જેમ તરૂવર શાખાનો લટકે આધાર (૨)
તેમ ભકિત કે યોગાભ્યાસે, આચાર એ પ્હેલો ધાર;
'મોહન' મતી રાખોરે, ચણનારો ચણી થાકયોરે નાં મહેલ.

॥ शास्त्रो संमत केवो गृहस्थाश्रम जोईए ? ॥

૨૯ (સવૈયા-એકત્રીસા.)

અરે, રડા છો શું સંસારી, વાત વિચારી ધારો ઉર,
યુકિતથી જો લેતાં સમજો, તો સુખ છે ઘરમાં ભરપુર;
પણ પથ્થર લીણો છો મુકી, મણિ અરે મુકતાહારી,
વેદ પુરાણે ગૃહસ્થાશ્રમને, ગણીયો છે ઉત્તમ ભારી.

પરંપરાના જે આચારો, પ્રેમેથી જે પાલનહાર,
સત્ય પંથ સ્વીકારી ચાલે, તેને તાપ નહિ તલભાર;
અંધ બનીને ચાલો ઉંધા (તો) આફત આવે અણધારી,
વેદ પુરાણે ગૃહસ્થાશ્રમને, ગણીયો છે ઉત્તમ ભારી.

પતિ પત્નિ અતિ યત્ન કરીને, પાળી પરસ્પર પૂરણ પ્રેમ,
ભોગ વિલાસ કરો મન ભાવ્યા, પણ નિયમિતનો રાખી નેમ;
મૂળ સુખનું બ્રહ્મચર્ય તે, સંભાળો નર ને નારી,
વેદ પુરાણે તે ગૃહસ્થાશ્રમ ! ગણીયો છે ઉત્તમ ભારી.

[1]અરૂણોદય પ્હેલાં ઉઠીને, ઇશ્વરની ઉર કરવી યાદ,
અંગ તણું આરોગ્ય વધારો, વ્યાયામે[2] કરી તજી પ્રમાદ;
નિત્ય કર્મ આટોપી લેવા, સત્વર કરવી તૈયારી,
વેદ પુરાણે તે ગૃહસ્થાશ્રમ, ગણીયો છે ઉત્તમ ભારી.

જપ તપ સંધ્યા સ્નાન ધ્યાનથી, સદ્ય હરિ ચિત્તે ધરવા,
વિસરવો નહિ વૈશ્વદેવ તે, યજ્ઞ અને તર્પણ કરવાં;
પાકો ને શાકો જે રાંધો, સત્વ નિરામય ગુણકારી,
વેદ પુરાણે તે ગૃહસ્થાશ્રમ ! ગણીયો છે ઉત્તમ ભારી.

ગાય અતિથિ અભ્યાગતને, આપીને ભોજન કરવું,
અન્ન અભિમાની તે વિષ્ણુના, કહિયે તો મુખમાં ધરવું;
શાન્તપણે ચાવીને ખાવું, પોષણપુર મિતાહારી,
વેદ પુરાણે તે ગૃહસ્થાશ્રમ, ગણીયો છે ઉત્તમ ભારી.

વર્ણાશ્રમનો ધર્મ વિચારી, પ્રગટાવો પોષણ સાધન,
અન્યાયે ઉપાર્જિત[3] કરવું કે હરવું ના કોનું ધન;

૧–સુર્ય ઉદય પહેલાં. ૨–કસરતથી. ૩–મેળવવું.

નાણું કરતાં નિશ્ચે ઉરમાં, નીતિને ગણવી પ્યારી,
વેદ પુરાણે તે ગૃહસ્થાશ્રમ, ગણીયો છે ઉત્તમ ભારી.

પૂણ્ય પ્રયત્ને જે જે મળતું, તે પામી ધરવો સંતોષ,
ટળવળવું તૃષ્ણામાં તે તો, સ્હમજી લેવો મ્હોટો દોષ;
રોષ ધરો ના હૃદયે કો' દી, પ્રારબ્ધો કડી પીડકારી,
વેદ પુરાણે તે ગૃહસ્થાશ્રમ, ગણીયો છે ઉત્તમ ભારી.

પર ઉપકાર તણા પંથે તો, પળતાં ડરવું ના કદીયે,
મન વાચા કર્મેથી કરવું, સર્વ સમર્પણ તે ઘડીયે;
વાત વદેલી તે મિથ્યા કરવી નહિ બની અનાચારી,
વેદ પુરાણે તે ગૃહસ્થાશ્રમ, ગણીયો છે ઉત્તમ ભારી.

અર્થ સરે જો શબ્દ એકથી, તો વધુ વદવું ના કદી વેણ,
મૌનપણામાં પણ મર્યાદા, ભૂલી નહિ થાવું દુખ દેણ;
સર્વ સગામાં સ્નેહ કરીને, સંપ વધારો વિસ્તારી,
વેદ પુરાણે તે ગૃહસ્થાશ્રમ, ગણીયો છે ઉત્તમ ભારી.

દ્વેષભાવ કરવો કદીયે ના. કલેશ કુટીલ કજીયો લવલેશ,
શઠની સાથે પણ શમતાથી વર્તન કરવું દેશ વિદેશ;
સંગ કરી સાધુના શબ્દો, લેવા ઉરમાં ઉતારી,
વેદ પુરાણે તે ગૃહસ્થાશ્રમ, ગણીયો છે ઉત્તમ ભારી.

સદ્ વિદ્યા સુતોને દેવી, પુત્રીને પણ પ્રેમ ધરી,
સેવા કરવી માત તાતની, વાત મધુરી મુખ કરી;
ત્રિરૂણેથી મુકત થઇને, આનંદે રહો અવિકારી,
વેદ પુરાણે તે ગૃહસ્થાશ્રમ, ગણીયો છે ઉત્તમ ભારી.

વ્યસન વિષમ વ્યભિચાર તજીને, વિષયોથી મન વાળો વેગ,
નિશદિન પ્રસન્ન વદન વળી રાખી, અંતરનો તજવો ઉદ્વેગ;
માખીની પેઠે આ જગથી, શુભ સદા લેજો તારી,
વેદ પુરાણે તે ગૃહસ્થાશ્રમ, ગણીયો છે ઉત્તમ ભારી.

આ કરતાં પણ અન્ય ઘણા છે, સંસારી કેરા આચાર,
પ્હેલાં આ પાળે તો આગે, સ્હમજે પોતે ત્હેનો સાર;
સિદ્ધ કરે તે ચારે વાતો, મોહ કામ મત્સર મારી,
વેદ પુરાણે તે ગૃહસ્થાશ્રમ, ગણીયો છે ઉત્તમ ભારી.

'મોહન' જન આ જગમાં ચાલે, ધર્મ ધરી મન જો આવા,
ભલે હોય તે આ સંસારે, લેતો સ્વર્ગ તણા લ્હાવા;
બંધ છતાં પણ મુક્ત રહીને, ભજે સદા તે ત્રિપુરારી,
વેદ પુરાણે તે ગૃહસ્થાશ્રમ, ગણીયો છે ઉત્તમ ભારી.

॥ चेष्टाखोरोने समजाववा भजनरंगनुं दीग्दर्शन ॥

૩૦ (રાગ-ગઝલ.)

જુવો છો શું થઇ શાણા, બકો કાં, મર્મના ટાણા,
ત્હમોને લાગતો ખારો, અમારો રંગ છે ન્યારો.

હસો છો શું, કરી હી, હી, અમારૂં ગાન આ સુણી;
પ્રભુને છે અરે, પ્યારો, અમારો રંગ એ ન્યારો.

ગણી લ્યોને ભલે ગાંડા, વગર પુચ્છે પશુ બાંડા;
પરંતુ પ્રેમ પાનારો, અમારો રંગ છે ન્યારો.

નહિ કલ્પી શકો કેવો, હશે, મહાનંદ, શું મેવો;
ત્હમારા ધ્યાનની બ્હારો, અમારો રંગ છે ન્યારો.

નહિ કાળો નહિ પીળો, નહિ રાતો નહિ લીલો;
છતાં આનંદ દેનારો, અમારો રંગ છે ન્યારો.

નહિ મીઠો નહિ તીખો, નહિ ખાટો નહિ ફિક્કો;
અહા, તોય સ્વાદ દેનારો, અમારો રંગ છે ન્યારો.

નથી પાકો નથી કાચો, નથી ખોટો નથી સાચો;
તથાપી ઉર રંગનારો, અમારો રંગ છે ન્યારો.

મજાહ શું ત્હેમની માણે, જનો જડબુદ્ધ શું જાણે;
મળે કો, આંક કે'નારો, અમારો રંગ છે ન્યારો,

ચરે છે હંસ જે મોતી, લીયે છે પ્રેમથી ગોતી;
બગો, એ ના લહે ચારો, અમારો રંગ છે ન્યારો.

મળે કોકિલ ને કાગો, છતાં હયે કોકિલા આંબો;
કરીને મિષ્ટ ટહુકારો, અમારો રંગ છે ન્યારો.
વધારે શું કહું વાતો, વળી દેવાં શું દ્રષ્ટાંતો;
નહિ આવે કહ્યે આરો, અમારો રંગ છે ન્યારો.
ખરી આ રંગની લ્હેરો, હટાવે કાળનો ખ્હેરો;
કજાળે કર્મનો ભારો, અમારો રંગ એ ન્યારો.
મજાહ લે 'મોહના' આવી, મળે તો મોક્ષની ચાવી;
વિના છે અન્ય કુટારો, અમારો રંગ એ, ન્યારો.

॥ युवावस्थामां मदन वश नहि थनार जन जगतमां जीती जाय छे.

૩૧ (રાગ–એક સરસ વાત સમજાવું રે-એ લય.)

યુવાની ના ખોઇ એળેરે
જગત એ......જીત્યો,
ખેલ્યો નહિ ખોટે ખેલેરે
જગત એ......જીત્યો,

વિષયોમાં નહિ વીંટાણો
લલનાએ નહિ લોભાણો
થઇ લંપટ નહિ લપટાણોરે. જગ.

નયને નીરખી પરનારી
દ્રષ્ટિ કીધી ન વિકારી
મન નાખ્યું જેણે મારીરે. જગ.

મદ મસ્તિ મૂંકી અળગી
જે રહ્યા ન કામે સળગી
વિચર્યો શાન્તિને વળગીરે. જગ.

મનસા વાચા ને કર્મે
વ્યભિચાર ન કીધો મર્મે
ચાલીને જે નિજ ધર્મેરે. જગ.

ચિત્ત ચંચળ નાંખ્યું ચોળી
ખોટા વિકારો ખોળી
સળગાવી કામની હોળીરે. જગ.
'મોહન' કો, વિરલો એવો
કૃતિમાં આ લક્ષણ જેવો
(તો) શિર નામે ત્હેને હેવોરે. જગ.

॥ युवावस्थानो आनंद लुंटवा युवकोने आमंत्रण ॥

૩૨ (રાગ–જુઓ જુઓ રાજાજી, આ શું કરો ઘેલાઇ, એ લય.)

આવો, આવો યુવાનિની માણો મજાહ, મટી જીવ બનો ત્હમે શીવ
ગુણી જ્ઞાનિ બની યોગીરાજ, પાણી પહેલી બાંધી લ્યોને પાજ. ટેક.

અધરામૃત ઓષ્ટે કરો, ધરી હરિ સંતનાં ચર્ણ
આલિંગન સંત અંગનું, કરીને ટાળો મર્ણ
કરો ક્રિડા ભક્તિ કેરી સંગ, બની પ્રેમી ઝીલોને એ રંગ,
ચડો ગિરી ઉન્નતિને શૃંગ આવો.

આનંદે અતી ભોગવો, વિધ વિધ દૈવી ભોગ
રમણ કરો દીન રાતમાં, હારથી કરી સંયોગ
કરો પ્રભુ પ્રિતિ તણું પાન, તજી તજી ત્હમારૂં ગુમાન,
ભુલી ભુલી જગતનું ભાન આવો.

કરમાયે ફુલ કુમળાં, યોવન જાશે એમ
આવ્યો અવસર માણી લ્યો, રાખી રૂડી નેમ
કરો કરો ગુણો તણું ગાન, ધરી ધરી હરિ નિજ ધ્યાન,
બનો મસ્ત લગાવીને તાન આવો.

યુવાની બળ આગળે, અસાધ્ય નહિ કો, કાજ
'મોહન' સાધ્ય કરો સહુ, અભ્યાસે પ્રભુ આજ
ખેલો ખેલો યુવાનિનો ખેલ, લુંટી લુંટી પ્રભુ રસ રેલ,
કરો મોક્ષ પદે પછી સ્હેલ આવો.

॥ भूतोनी निशामां सत्यरीते जागी सावध रहेनारा तरे छे ॥

૩૩ (રાગ–ધીરાના પદનો.)

જાગ્યારે એ તો જીવ્યારે, ઉંઘ્યા નર નિશ્ચે મર્યા
સાવધ થઇ ચેત્યારે, તે તો, સ્હેજે તર્યા. જાગ્યા.
પ્રવૃતિ કેરા પંથમાં કીધો દીન વ્યતિત,
રાતે નિંદ્રા તો નડી સાધે ક્યાંથી હિત,
ઢગલો થઇ ઢળીયારે બધી સુતાં શુદ્ધ બુદ્ધ વિસર્યા. જાગ્યા.
મૂઢાવસ્થામાં મહા, થાત અતિ ઉતપાત,
સ્વપ્ન આળ પંપાળમાં, પુનઃ થતુંજ પ્રભાત,
ધાયા રે પાછા ધંધે રે, નવ હરિ ધ્યાને ધર્યા. જાગ્યા
ક્રમ એવાથી કાઢતા, ઉમર આખી એમ
ઉંઘ અવિદ્યા આળસે, ખોતા હાથે ક્ષેમ,
ત્યાં તો એ કાળ પહોંચ્યોરે, આવીને પ્રાણ હર્યા. જાગ્યા.
ઘાંચી કેરો બળદીયો, જેમ ફરે ચકરાવ,
ત્હેમ ઉંઘેલા જીવડા, ફરતા ભૂલી દાવ,
ચોરાશી કેરે ચાકેરે,[1] ર્‌હડી જન તેજ ફર્યા. જાગ્યા.
અજ્ઞાની ઉંઘે સમે, ત્યારે જાગે સંત
કરવા વશ તે કાળને, ભજે ભલા ભગવંત,
ગુરૂ અનુગ્રહી એવારે, 'મોહન' કો, જ્ઞાને ભર્યા. જાગ્યા.

॥ दंभी भगतथी दुर भागवा भोळां जनोने सूचना ॥

૩૪ (મનહર છંદ.)

ભગત ભમે છે ઘણા જગતમાં ઠગતીયા
જો, જો, ફાંસો નાંખી ત્હમને તે ફસાવે નહિ.

૧–ચાકડે.

ટીલાં કાઢી તેર કંઠ સતર માળાઓ ટાંગી
અરે, બાઇ ભાઇ, ભવાઇમાં ભમાવે નહિ.

કાલા ઘેલા બોલ કહી કરવાને ઠાલા માલા
કીમીયાની કાં'ણીથી લોભે લલચાવે નહિ.

ધંતર કે મંતરથી તંતરથી તન દેવા
કહી કયાંક દંપતિને નાગાં નચાવે નહિ.

ભરમાવા ભોળા લોકો ભવાનીનો ભુવો બની
દંભી ઠેકી ખંભી દીલે ડાહ્યા, ડરાવે નહિ.

ધુન્ચ તણો ઢોંગ કરી ફરી ફરી મારી ઠેક
છેક વિસારી વિવેક જો, જો, નમાવે નહિ.

આગળને પાછળની કળે કરી જાણી વાતો
રખે, ફેંકી ગોળો ઉર વ્હેમો ઘલાવે નહિ.

કુટિલને કુળી તણા કુડીયા ભગત તે તો
'મોહન' મેંઢાની સમ ધારી બનાવે નહિ.

॥ अरुणोदय थया छतां आलसथी उंघता मनुष्यने बोध ॥

૩૫ (ઝુલણા છંદ.)

સમરને શામળો, મેલ્ય મન આમળો, ઉઠ ઉતાવળો, આજ પ્રાણી
આથમ્યો ઈન્દુને[1] અરૂણ[2] ઉદે થયો, ટુંટીયા[3] વાળ્ય કાં, સોડ તાણી. સ.

ચતુર આ કાગ તે, રાગ કાઢી કહે, સમજને સાનમાં, ઓ સૂનારા
કા—ક કાકા કડી, કાળની[4] ભાળ તે, સૂચવે છે અરે, ઉંઘનારા. સ.

શાસ્ત્રને સંત સાધુ જને ચેતવ્યો, તે નહિ સૂચના તેં સ્વીકરી
(પણ) કાગની[5] વાત આ, કાન ધર કંઇક તો, ઉંઘનો દુર થાયે બીમારી.[6]

---

૧. ચંદ્ર. ૨. સુર્ય. ૩. પગ વાળી સુવું તે. ૪. મરણ. ૫. કાગડો.
૬. મરણની બીકથી ઉંઘ ઓછી થશે ને સાધનમાં ચિત્ત લાગશે.

કેમકે કાળની, ફાળ[1] છે આકરી,[2] આંખડી ખોલશે સઘ ત્હારી
પાછલી રાતના, જાગતાં ઝટ કરી, ધ્યાનમાં ધીરજે, તું મોરારી. સ.

આમ થાતાં અતિ, આળસુ ટેવ તે, દુર થાશે નહિ, ભાઇ મ્હારા
બ્રાહ્મમૂહુર્તે[3] થઈ, સ્ફુર્ત[4] ભજ બ્રહ્મને, 'મોહ-ને' કાળજે ખાળનારા. સ.

॥ साचा गुरुनो शिष्य सर्व साधने आगळनो आगळज रहे छे ॥

૩૬ (રાગ–હું સોનારણ મદમાતી–એ લય.)

હું એવા ગુરૂનો ચેલો, કે ચાલું સૌથી પ્હેલો. ટેક.
કંઈક બિચારા કાર્ય વિષે થઇ નિરાશ કુટે પેટ
ત્યારે બંદા નિષ્ફળ જાતાં, ફરી બાંધતો ભેટ. હું.
ડગમગ દીલવાળાઓ ડરતા દેખી જ્યારે દુઃખ
તે દુઃખને દઉં પીઠ ન પાછી ભેટું સ્હામે મુખ. હું.
સુખ મળે ત્યારે છલકાતા મનથી લોક છકેલ
પણ તે સુખમાં રત્નાગર સમ હું રહેતો સમતોલ. હું.
દીર્ઘસૂત્રતા[5] કામે કરતા જ્યારે દૈવતહિન[6]
ચટપટ પણ ઉત્તમ કરૂં તવ હું, કામ ઘણાં નિશદીન. હું.
અલ્પ કામમાં જન અકળાતા, કરી વિચાર અધુરો
ગભરાતો નહિ ગંભીર વખતે, હું ધીરજધર શુરો. હું.
યત્ન અશ્રદ્ધાથી આચરતા ઢચુપચુ જગના જન્ન
ત્યારે હું તો કિંચિત કામે દ્રઢ શ્રદ્ધા ધરૂં મન્ન. હું.
આમ યત્ન દ્રઢ શ્રદ્ધા ધીરજ સુખ દુઃખ એક સમાન
ગણી આગ્રહ વધતો હું આગળ જેમ રામનું બાણ. હું.
અર્થ અને પરમારથ તો પછી સાધ્ય કરૂં નહિ કેમ ?
'મોહન' મહાભારત કરી યત્નો થવું ગુરુની જેમ. હું.

---

૧. ફુદકો ૨. કઠણ. ૩. પાછલી રાત્રી. ૪. આળસ રહિત. ૫. પ્રમાદને લઈ કાર્યને લંબાવવું તે. ૬. બુદ્ધિ વગરનું.

॥ विषय-प्राबल्य ॥

૩૭ (માયામાં મનડું મોહ્યુંરે–એ લય.)

રસ લ્હાણુ સહુએ લીધીરે અવનીમાં આવી.
તુલના સર્વેની કીધીરે અવનીમાં આવી.
પોથાં થોથાં બહુ ભણીઓ,
વેદાન્ત વિષે વીચરીયો,
ડોળ્યો વિદ્યાનો દરીયોરે અવનીમાં આવી.
નાંખી છે ગોખી ગીતા,
ઉત્તમોત્તમ કાવ્ય કવિતા,
ઉપનિષદ્ સર્વ સંહિતારે અવનીમાં આવી.
તોપણ કાળજડું કોરી,
ચીતડું લીધું છે ચોરી,
લલચાણો દેખી ગોરીરે અવનીમાં આવી.
તેથી મેં નિશ્ચય કીધો,
રસ ઉંચો શોધી લીધો,
વળી ખાંતેથી ખુબ પીધોરે. અવનીમાં આવી.

(સાખી)

હ્રદય રંગ એ લાગીયો, જોતાં રસ સહુ આજ
'મોહન' મિત્ર સુણો તમે, સબરસ એ શિરતાજ.

॥ भजनानंदीना मनोद्गार ॥

૩૮ (આશાગોડી)

સ્વાદ લીધા સુખકારી જગતમાં, સ્વાદ લીધા સુખકારી—ટેક,
વિવિધ ભોજન ભાવથી ખાધાં, બરફી પુરીને ધારી જગત.
સુરભીનું પય પ્રેમે પીધું, નાંખી સાકર સારી જગત.

સ્વર્ગ જઇને પાન સુધાનું, કીધું જે અવિકારી જગત.
ચુંબન લીધું સુંદર ઓષ્ટે, રંભા હ્રદયે ધારી જગત.
તોપણ સ્વાદ નહિ આ જેવો, નામ જે, કૃષ્ણ મુરારી જગત.

॥ विषय-चिंतन त्यजवा मनने बोध ॥

૩૯ (રાગ-ભૈરવી.)

રે, મન મેલ વિષયની વાતુ, રહે ગોવિંદ ગુણ ગાતું રે મન
મધ્યાન્હે મિથ્યા જળ દેખી, પીવા મૃગ લલચાતું
દૃષ્ય પ્રપંચે છે પણ ત્હેવું, ના મળતું સુખ સાચું રે મન
જોઈ નિશાયે ઝાડનું ઠુંઠું, તસ્કર જેમ મનાતું
ત્હેમ અનિત્યે નિત્યને માની, ભૂલે કાં ભટકાતું રે મન
ખણુતાં ખરજવે લાગે મિષ્ટતો, પણ અંતે દુઃખ થાતું
એવાં સુખ છે આ અવનીના, કેમ નથી સ્હમજાતું રે મન
'મોહન' મન તું મોહ હણીને, થા પ્રભુમાં મલકાતું
જન્મ ધર્યો છે જગમાં ઉત્તમ, બાંધી લે ભવ ભાતું. રે મન

॥ चित्तमनने तपासता रहेवानी जरुर ॥

૪૦ (રાગ સોરઠ—વારી જાઉં રે સાંવરીયા–એ લય.)

ક્ષણ, ક્ષણ નિત્યે ચિત્ત મનને તું જન સંભાળજે રે—ટેક.
કારાગ્રહે સાચવતાં કેદી, ચોકીવાન રહે ન પ્રમાદી
ત્હેવો ધરી તું યાદી, ઉર્મિ ખાળજેરે ક્ષણ.
એક ઘડી જો અળગાં થાશે, તો ઉત્પાત કરી મલકાશે,
જોયા વિણ ઝંપલાશે માટે ઝાલજે રે ક્ષણ.
મસ્ત માવતો હસ્તી હાંકે, અવળે જાતાં અંકુશ ભોંકે,
ત્હેમ જતાં જોઇ વાંકે, વેગને વાળજે રે ક્ષણ.

ચંચળ એ ચપળાના જેવા, વગર પાંખથી ઉડે એવાં,
વિકટે છે વશ રહેવાં, પણ સમજાવજે રે   ક્ષણુ.

મ્હારી અંતે એ સ્થિર ઠરશે, ત્હારાં ધાર્યાં એ સહુ કરશે,
'મોહન' મહાનંદ મળશે ત્યારે મ્હાલજે રે   ક્ષણુ.

॥ मधुर वाणीथीज जनप्रिय थवाय छे ॥

૪૧ (રાગ–કાલીંગડો–મદન પડયો કેડરે–એ લય.)

વિચાર કંઈક રાખો રે (૨) ભુંડાં કાં વેણુ ભાખો રે
મદભરેલી વાણી વદીને, કિંમત કાં, નિજ આંકો રે   વિ.
કુવચને કડવાં સહુ કે'શે, નિંદશે લોકજ લાખો રે   વિ.
કાગ કટુ મૃદુ કોયલ ત્હેની, જુઓ પુરે છે સાખો રે   વિ.
જેમ કપોત ધ્વની કરી કુડો, અપ્રિય થયો જગ આખો રે   વિ.
ત્હેમ હાથે કરી હળવા થાવા, વદવો કાં બોલ વાંકો રે   વિ.
માટે મધુર ઉચ્ચાર કરીને, પાડો સમાજે છાકકો રે   વિ.
'મોહન' જનના ધનને જીતી, પ્રેમ તણો રસ ચાખોરે   વિ.

॥ मायाना मोहथी मनुष्य जन्म निरर्थक जाय छे ॥

૪૨ (રાગ—રૂપે શું મન રાચોરે—એ લય)

માયામાં જન મોહ્યોરે, વિષયમાં સડી કોહ્યોરે મહા ભૂલ કરી (૨)
ચિંતામણી સમ આવ્યો અવની આ ઉંચો અવતાર (૨)
પણ પ્રીછયો નહિ પથ્થર ગણીને, ગુણહિણ મુંઢ ગમાર,
જન્મારો વૃથા ખોયોરે, વિષયમાં સડી કોહ્યોરે   મહાભૂલ.

નિર્ઝળને ત્યાં આવે નાણું, મુખ ધોવા તવ જાય (૨)
તે સરખું શઠ, તેં પણ કીધું, મોકકે તું બેઠો મુંઝાય,
અવસર નવ જોયોરે, વિષયમાં સડી કોહ્યોરે   મહાભૂલ.

પારસ દેહ મળ્યો તદપિ, પણ જીવ રહ્યો ગજવેલ (૨)
'મોહન' ઇશ્વરને ઓળખ્યા વિણ, ચોરાશીની કરી સ્હેલ,
ત્યારે તું નક્કી રોયોરે, વિષયમાં સડી કોહ્યોરે મહાભૂલ.

॥ मनरूपी मातंगने मारवा ज्ञानांकुश लई चालवा संबोध ॥

૪૩ (રાગ–વ્હાલા વેગે આવોરે–એ લય)

શુરા સહુ ચાલોરે, લઈ જ્ઞાન ભાલોરે,
મન હસ્તીને મારજો હોજી
કરો સદ્‌ગુરૂ સંગી સાથે રાખી સંગ્રામ—શુરા

મન હસ્તી અતિ મસ્ત છે, મહા મદઝર માતંગ[૧]
મોહ મદિરા[૨] છે પીધો, અતી અનંગે[૩] રંગ
અંકુશમાં નહિ આવતો, જુઓ મચાવે જંગ[૪]
એ વધતો વેગે વાળો રે. મન.

માવત હેનો મુંઢ છે, તેથી થયો બળવાન
કામ ક્રોધ મદ મત્સરે, ફૂફૂડાવે નિજ કાન
દાદ ન દેતો કોઇને, કરતો અતિ નુકશાન
તે જુક્તિ કરી ઝાલોરે. મન.

શમ દમ યમની શૃંખલા[૫], લઇ બાંધો ગજરાજ
યોગકળા અંકુશને, મારો આણી દાઝ
મદ તુટી તે મસ્તનો, થાશે બળ તારાજ
પુનઃ ન મારે ઉછાળોરે. મન.

કામ ઘણું તે કઠણુ છે, પણ સુર્લભ તો થાય
કરી કૃપા ગુરૂ રાય જો, આપે નિજની સ્હાય
(તો) આરપાર ભાલા થકી, નિશ્ચે હસ્તી મરાય
(પછી) " મોહન " મહાનંદે મ્હાલોરે મન.

૧–હાથ. ૨–દારૂ. ૩–કામદેવ. ૪–લડાઇ. ૫–સાંકળ.

॥ मननो वेग कोई विरलज वाळी शके छे ॥

૪૪ (રાગ–ભોજા ભગતના ચાબકાનો)

મન, ચડયું ચંચળતાને ચાળે રે, એને વિરલા કોઈક વાળે ટેક.
તેજી ઘોડીને મળતાં ટકોરી, તેર હાથ કુદે છે ફાળે
ટગુ મગુ સ્વાર કોઇ તાણે લગામ તોય, ઝાલી રહે ન કોઇ કાળે. મન.

ત્હેમ તેજી મન આ વિષય મળતાં, કુદી પડે ત્હેની ડાળે
કાચો પોચો ને કર્મેન્દ્રિ વશ જીવ, કેમ કરી ત્હેને ખાળે. મન.

માતેલા સાંઢને સુતરની નાથ જેમ, યુકિતથી નાક માંહી ઘાલે
યોગી જનો ત્હેમ યુકિતથી મનવશ, કરી મહાનંદે મ્હાલે મન.

બાકી બિચારા નાચે નચાવ્યા, કેદી બની મને ઝાલે મન.

ગુરૂ કૃપાથી "મોહન"–જન કોઇ, ત્હેમાંથી મન વેગ ટાળે. મન.

॥ मननी उन्मत्तत ॥

૪૫ (રાગ–એક સરસ વાત સમજાવું રે -એ લય.)

મન કેમ, હવે હું મારૂં રે,
સંતો સુચવજો.
વિષયોથી એ ન વારૂં રે સંતો.

માળા હું કરમાં ધારૂં
વદને ઇશ્વર ઉચ્ચારૂં
છટકે ત્યાં તો મન મ્હારૂં રે સંતો.

માળા જેમ ફરતી જાયે
મન સંગ ફરે છે ત્યાંયે
નહિ સ્થિર ઘડી તો થાયેરે સંતો.

જપ તપનાં સાધન શોધી
કરવા બેસું મન રોધી
કંટાળે ત્યાં પણ ક્રોધીરે સંતો.

આવાં પાશેરે પુણી
કર્તવ્ય કરૂં નિર્ગુણી
ઉઠે ત્યાં પણ મન ધુણીરે   સંતો.

વાતો બહુ બહુ સ્હમજાવી
પણ એને શર્મ ન આવી
વિષયોને લે છે વધાવીરે   સંતો.

કરવાનું કરવા નવ દે
નવ કરવાનું તે તવ દે
ઉન્મત્ત બનીને [1]હવ દેરે   સંતો.

ત્રાહ્ય, ત્રાહ્ય, થઇ એથી
તમ ચર્ણે આવ્યો તેથી
એ મન વશ થાયે શેથીરે ?   સંતો.

'મોહન' ગુરૂ કરૂણા કરજો
મન વશ કરવા શીખવજો
કો, ગુપ્ત કળા દાખવજો રે   સંતો.

॥ मन, बुद्धि ने चित्तनी परस्पर स्पर्धाथी उपजतो प[श्च]ताप ॥

૪૬ (રાગ—હું છું અખંડ સુખધન બ્રહ્મ—એ લય.)

મારાં મન બુદ્ધિને ચિત્ત, એતો લડતાં દેખું નિત્ય
છે નહિ અન્યો અન્યે પ્રિત, ઉલટી એક બીજાની રીત
કહેતું મન કરવા સાધન, થાવા ભેટ ભલી ભગવંત
ત્યાં તો ચિત્ત દોડીને શિઘ્ર, લાવી મુકે ત્હેમાં વિઘ્ન

૧—બાળે.

ક્યારેક ચિત્તડું સમજુ થાય, ત્યાં બુદ્ધિ બાઈ આડાં જાય
તો પણ બેસું ધરવા ધ્યાન, આપ્યું સદ્‌ગુરૂએ જે નિશાન
ત્યાં તો ત્રણે થઇ તૈયાર, લેવા આવે મારી સાર
કહેતી બુદ્ધિ મનને ભાઇ, ચિત્તમાં થાવા હેજે સ્થાઇ
પણ ત્યાં કુદે બન્ને બ્હાર, લાવે શોધી ત્યાં સંસાર
મુકે ચિત્ર વિચિત્ર અનેક, લાવી પાંપણ આગળ છેક
ચાલે ત્યાં કયાં બુદ્ધિ જોર, જયાં મન ચિત્તનો શોરબકોર
ભુલી ધ્યાન હરીનું ભાન, થાતો વ્યવહારે એક તાન
આવી રીતે એકથી એક, ચઢિયાતાં દીઠાં વિવેક
નહિ ત્રણેને મળતો તાળ, ત્યાં કહેવા શું, મ્હારા હાલ
વઢતા પાડા મોટા મસ્ત, વચ્ચે થાનો ઝાડનો અસ્ત
ગતિ પણ મ્હારી છે તે આજ, ત્હેમાંથી કાઢો ગુરૂરાજ
'મોહન' તો મ્હારાં સદ્‌ભાગ્ય, થાયે ત્રણે જો એક રાગ

॥ तृष्णा तजना मनने भलामण ॥

૪૭ (રાગ–દરબારી કાન્હડો.)

તજ તૃષ્ણા, તું મન ત્હારી,
જનિ મૃતિની ગતિ જે કરનારી, વૃત્તિ નાંખ વિદારી ટેક.
તૃષ્ણામાં ટળવળતા જીવો, આ જગમાં અતિ ભારી
મધ લાળે મક્ષિકા વળગે, ત્હેમ રહ્યા તનુ ધારી તજ.
ભ્રમર કમળમાં રમણ તણી એ, ઇચ્છા ધરી સુખકારી,
મરણ શરણ થાતો તે અંતે, ગતિ તે ત્હારી થનારી. તજ.
હસ્તિ મદ મસ્તિમાં ને મૃગ, શબ્દથી થાય ખુવારી
કિટ પતંગ પડે પાવકમાં, (તે) તૃષ્ણાને આભારી. તજ.
માટે તજી દે મમતા લુલુપ્તા, કલ્પના કરતું વિચારી,
'મોહન' મુંઢ બની માયામાં, તું જઇશ નહિ ભવ હારી. તજ.

॥ संसारमांथी कोई संतज चेते छे ॥

૪૮ (રાગ–ગોવિંદ ગુણુ ગાઓરે, રે નરનાર)

કોઈ સાચા સંત ચેતેરે, કોઈ શાણા જન ચેતેરે; આ જગથી
તૃષ્ણા ત્યાગે, તિમ વિરાગે
રાગેથી ચિત્ત સમેટેરે;
હાં ચિત્ત સમેટેરે આ જગથી.
વિષય વિકારી ,સદ્ય વિદારી
વારી એ મન રહે છેટેરે,
હાં, એ રહે છેટેરે આ જગથી.
તૃણવત માની, માયા આ ફાની
જ્ઞાની બનીને સત્ય ગોતેરે
હાં, સાચું સત્ય ગોતેરે આ જગથી.
'મોહન' બંધન, ભવભય ખંડન
કરી તે પ્રભુને જઈ ભેટેરે
હાં, તે તો જઈ ભેટેરે આ જગથી.

॥ कर्त्तापणानुं अभिमान मुकवा [illegible] प्रबोध ॥

૪૯ (રાગ–કવ્વાલી ગઝલ.)

પ્રભુને જે ગમે જ્યારે, કરે છે ત્હેમ તે ત્યારે;
મરે છે તું વૃથા ભારે, [1]શકટના શ્વાનની હારે.
મદારી માંકડા પાસે, કરાવે નાચ રહી વાંસે;
હરી જો, એમ હાથેથી, કરાવે કામ ત્હારેથી.
સુકાની ઝાઝને[2] જેવું, ચલાવે યુક્તિથી કેવું;
જીવનનું ઝાઝ આ ત્હારૂં, પ્રભુ હાંકે છે પરભારૂં.
[3]પ્રયોગો પાત્ર ધારે તે, રચેલા સુત્રધારે જે;
ભવાઈ તું એ ભજવે છે, પ્રભુ એ જેમ નચવે છે.

૧–ગાડા નીચેના કુતરાની માફક. ૨–વહાણ. ૩–એકટરોથી ભજવાતો નાટક.

તપાસી કર્મ તે ત્હારાં, કર્યાં જે કુડ કે સારાં;
મતિ દે તે સમી માપી, પછી હો, પુનિત કે પાપી.
સમજ ને સાર આ સાચો, રહે ના હું પદે રાચ્યો;
અહમ્‌ને 'મોહન' દે મુકી, પ્રભુમય આત્મમાં કુંકી.

॥ अस्थिर युवावस्थामां उन्मत्त शुं बनवुं ? ॥

૫૦ (રાગ–પુર્વોક્ત.)

સીકલ[૧] ક્યું દેખ દર્પનમેં,[૨] કરે કયા ખ્યાલ[૩] એ દીલમેં
જોબનકી[૪] લાલીયાં દેખી, ધરે નાદાન ક્યું શેખી.
ઉડે એ ગાલોંકી[૫] લાલી, કલી જ્યું સુકે ફુલોંકી;
તમાશા[૬] હય ઘડી દોકા,[૭] અચે, ક્યું ખાતે હો ધોક્કા.[૮]
ચમકબીજ[૯] હોત બાદલકા,[૧૦] ઉજાલા[૧૧] દેત હય પલકા;[૧૨]
જોબનકા રંગ યું પહિછાન,[૧૩] હો,—ગાફેલ[૧૪] ના ગુલતાન.[૧૫]
સમુંદરકા[૧૬] ચડે પાની, સમજ એ યાર સ્હેલાની,[૧૭]
જવાંની કી મજાહ અયસી, બુઢ્ઢોંસે[૧૮] પુછ લે કયસી ?
જીગરસેં[૧૯] સોંચ[૨૦] લે જાની,[૨૧] આખીર તો જીંદગી ફાની;[૨૨]
'મોહન' કી બાત[૨૩] પ્યારી હય, સુને ના બેકરારી[૨૪] હય.

॥ साचुं सगपण श्री परमात्मानुंज छे ॥

૫૧ (રાગ–સોરઠ–વારી જાઉં રે સાંવરીયા–એ લય.)

સાચું સગપણ તું શ્રી અવિનાશીનું જાણજેરે. ટેક.

૧–મુખ. ૨–અરીસામાં. ૩-વિચાર. ૪–યુવાવસ્થા. ૫–ગાલોની. ૬-ખેલ. ૭–બે. ૮–ભુલાવો. ૯–વીજળી. ૧૦ આકાશ. ૧૧–અજવાળું. ૧૨–પળ. ૧૩–જાણ. ૧૪–અસાવધ. ૧૫–મોહીત થવું. ૧૬–સમુદ્ર. ૧૭–મુસાફર. ૧૮–વૃદ્ધો ૧૯–અંતઃકરણ. ૨૦–વિચાર કર. ૨૧–મિત્ર. ૨૨-નાશવંત. ૨૩–વાત. ૨૪–બેચેની.

અન્ય સંબંધી સર્વે કાચા, અંત સમયમાં રહેશે પાછા
સંગે રહે એ શ્યામ, સદા સંભારજેરે. સાચું.

શુભ ત્હારૂં જોનારો તે તો, નહિ બને ઇર્ષ્યાળુ એ તો
કલેશ દ્વેષ નહિ લેશ પ્રેમ ત્યાં આણજેરે. સાચું.

રાત દિવસ તુજ રક્ષા કરતો, આધિ ઉપાધિ અગણિત હરતો
સુખ દુઃખ સ્હાયક એક, પ્રભુ તું પીછાણજેરે. સાચું.

સ્વાર્થ વિનાનું સગપણ એનું, હેત પિતાથી અધિકું જેનું
શ્રદ્ધા ધરી તે સગપણનું, સુખ માણજેરે. સાચું.

કુડાં ને નટખટ સંસારી, સંબંધ એનો છે દુઃખકારી
સત્ય સગા હરી સ્નેહ કરીને વખાણજેરે. સાચું.

'મોહન' લે નિજ મનમાં જાણી, પરમ કૃપાળુ પુરૂષ પુરાણી
પરંપરાના પ્રેમ સંબંધે વિરામજેરે. સાચું.

॥ ईष्ट भजन एज साची कमाई छे ॥

પર (રાગ-કાલીંગડા-મદન પડયો કેડે-એ લય.)

ભજન કર ભાઇ રે (૨) એ સાચી કમાઇ રે—ટેક.

મિથ્યા માયા વાદળ છાયા, ત્હેમાં શું, રહે મલકાઇ રે ભજન.
મતિહિન બાલક રાચે રમકડે, ત્હેમ કાં, રાચે જગમાંહીરે ભજન.
વડવાંગડની પેઠે વિષયના, વૃક્ષે રહ્યો કાં વિંટાઇ રે ભજન.
આધિ ઉપાધીના ખોદિ ઉકરડા, રહે ભુંડ જેમ ભરાઇ રે ભજન.
શ્વાન ચાવે જેમ હાડકું હેતે, જાય નિજ મોઢું છોલાઇ રે ભજન.
ત્હેવી દશા પણ ત્હારી દીસે, ફોકટ જા કાં, ફુલાઈરે ભજન.

[1]ચળ સૃષ્ટિમાં નાશ છે સહુનો, ત્હેમાં ન રહે ગુંચવાઇ રે ભજન.
કોઇ, કોઇનું નહિ કોઇ છે સંગી, સાચી એ રામ સગાઇરે ભજન.
'મોહન' જો કાંઇ મન માને તો, લે ગોપાળ ગુણ ગાઇ રે. ભજન.

॥ भजन गातां भक्तो प्रेमनेज प्रथम स्थान आपे छे ॥

૫૩ (રાગ–કવ્વાલી ગજલ)

અમારૂં પ્રેમનું ગાણું, ન પ્રેમી અન્ય તો જાણું;
ગણીને પ્રેમનું ટાણું, મજાહ તો પ્રેમની માણું.

નહિ છે સુર તો સારો, મળેલાને રીઝવનારો;
પછી આલાપ કયાં તાણું, મજાહ તો પ્રેમની માણું.

શીખ્યો સીતાર ના સાજો, કહો છો સુરમાં ગાજો;
નહિ હું સુર પીછાણું, મજાહ તો પ્રેમની માણું.

રતીનાં જ્ઞાન રાગોનું, પ્રસંગે ગાન ગાઉં કો'નું;
પછી હો, રાત કે વ્હાણું, મજાહ તો પ્રેમની માણું.

મૃદંગે તો મતિ માપી, ન સમજું તાળની થાપી;
ભલે એ તાળ બોલાણું, મજાહ તો પ્રેમની માણું.

નથી સંગીત શૃંગારી, નથી ઉંચું અલંકારી;
મળે ના પ્રાસ ઠેકાણું, મજાહ તો પ્રેમની માણું.

અમે ઉસ્તાદ તો પ્હેલા, પ્રભુના પ્રેમમાં ઘેલા;
કરીને પ્રેમનું લ્હાણું, મજાહ તો પ્રેમની માણું.

'મોહન' રૂચે ન બીજાને, સુણી કાઢે બીજે કાને;
છતાં આનંદ હું આણું, મજાહ તો પ્રેમની માણું.

૧–સ્થીર રહે નહિ ત્હેવી–નાશવંત.

॥ प्रभुनी मायानुं प्राबल्य ॥

૫૪ (રાગ-ગઝલ.)

પ્રબળ છે ઈશ્વની માયા, ખરે તેથી સહુ કાયા;
ખરે તેથી સહુ હાર્યા, મહા મ્હોટા મુનિરાયા.
સમાધિ સેજમાં શોધી, પ્રયત્ને પ્રાણુને રોધી;
હતા નહિ જે કદી ક્રોધી, અરે, યોગી તે અંજાયા.
ઉપાધિ ઉરથી ત્યાગી, થયા જે સત્ય વૈરાગી;
લપટતાં વાર ના લાગી, ભ્રમિ તે સદ્ય ભરમાયા.
સદા સુ શીખ જે દેતા, વળી એકાંતમાં રહેતા;
વિષયને નર્ક જે કે'તા, બધું ભૂલી તે બદલાયા.
મુખેથી નિંદતા નારી, કહી યમદ્વારની બારી;
વિસારી તે મતિ સારી, ગુણો નારી તણા ગાયા.
તપસ્વી યોગીઓ એવા, ભૂલ્યા ઇંદ્રાદિકો દેવા;
કરે સૌ જેમની સેવા, અહો, ત્હેવાને ડુબાવ્યા.
પ્રભુ માયા અજીતી છે, ન કોઈથી તે બીતી છે;
સદા એની એ રીતી છે, ન છોડે મુર્ખ કે ડાહ્યા.
પરંતુ ભકતથી ભાગી, પ્રભુમાં જે અતિ રાગી;
ભૂલ્યા જીવત્વ જે જાગી, 'મોહન' માયાથી તે ફાવ્યા.

॥ संसारमां साचुं सुख क्यां हशे ? ॥

૫૫ (રાગ-હરિગીત છંદ.)

સુખ શોધવા સાચું સદા સંસાર સારો આથડયો
પણ માર્ગ તે સુખનો અરે! આ જગત માંહે ના જડયો
વસ્તી વિષે જોયું વિચારી સુખ, કો, ત્યાં ના વસે
સંસારના વ્યવહારમાં સાચું કહો સુખ કયાં હશે?

માન્યું પ્રથમ મેં સુખ મનથી કામ કેરા સંગમાં
અંતે થયો ઉદ્વેગ પણ સુખ વેગ તે ન પ્રસંગમાં
નક્કિ કરી નિશ્ચય કર્યો નહિ વિષયમાં સુખ વિલસે
સંસારના વ્યવહારમાં સાચું કહો સુખ કયાં હશે?

ખાધાં વળી ખાંતે કરી ખુરમાં ખરૂં સુખ ખોળવા
મહા મિષ્ટ લાગે મુખ લેતાં મધુર ધૃતના લાડવા
પણ ભુખનું દુઃખ આવતાં સુખ સ્વલ્પ તે ત્યાંથી ખસે
સંસારના વ્યવહારમાં સાચું કહો સુખ કયાં હશે?

લક્ષ્મિ વિષે લુંટાય છે સુખ સત્ય એવું મન ઠર્યું
ઉપભોગ લેતાં અંતમાં દુઃખ તેહમાં દીઠું ખરૂં
ચળ લક્ષણે લક્ષ્મિ અરે, આવે અને જાતી દીસે
સંસારના વ્યવહારમાં સાચું કહો સુખ કયાં હશે?

કીર્તિ વિષે મળતું હશે, બહુ માનમાં સુખ સદ્ય તે
તેથી કર્યા અતિ યત્ન લેવા આબરૂ જગ વંદ્ય તે
તદપિ ન તૃપ્તિ કે નહિ શાન્તિ જરા ઉરમાં ઠસે
સંસારના વ્યવહારમાં સાચું કહો સુખ કયાં હશે?

વળી વ્યસન વેશ્યા વિત્ત વિધવિધ નાટકોના ગાનમાં
પરદેશ દેશ હમેશ ફરતાં શહેર સ્થળ કે રાનમાં
જોયું અતિ જુકિત કરી પણ છે નહિ સુખ તે વિષે
સંસારના વ્યવહારમાં સાચું કહો સુખ કયાં હશે?

મેં આંક મુકયો સંતતિના સુખ કેરો આખરે
પણ ધારણા ઉંધી વળી આવે છતાં પાછી મરે
એ રીતથી જોતાં અરે મુખ દ્રશ્યમાં નહિ મલકશે
સંસારના વ્યવહારમાં સાચું કહો સુખ કયાં હશે?

અહો, સજ્જનો, સુખ સાંપડયું જો હોય કરતાં શોધતો
દર્શાવજો આ દાસને સુખ સત્યનો દઇ બોધ તો
એ નિત્ય 'મોહન' સુખ લેતાં હ્રદય રંગે રાચશે
સંસારના વ્યવહારમાં સાચું કહો સુખ કયાં હશે?

जीवन प्रभात समये आत्मारामनां दर्शन ईच्छती वृत्ति ॥

૫૬ (રાગ-બીભાસ-રાજને ભરૂસે હું તો રેન આખી જાગી—
એ લય.)

જાગોરે જીવન મ્હારા હૃદયના વાશી—
હૃદયના વાશી મ્હારા સ્વયંપ્રકાશી— ટેક.

તીમીર અજ્ઞાન ટળીયું, વિવેકનું થયું ઝળહળીયું
વિરાગનો ભાનુ જુઓ રહ્યો છે પ્રકાશી— જાગો.

તાપ ત્રિવિધી તારા, ટળ્યા ત્હેના ચમકારા
નિશાચર નિચ કામ ક્રોધ ગ્યા નાશી— જાગો.

ચિંતા ચુડેલ નાગી, ભય ભૂત ગ્યાં છે ભાગી
મોહ રાક્ષસ થયો અલોપ મીજાસી— જાગો.

મદ ઘુડ અંધો થઇ, બેઠો છે છુપાઇ
પોપટ જે પ્રેમ રહ્યો કલ્લોલે વિલાસી— જાગો.

પરા વાણી વાગે ડંકા, સોહંમના આવે ભણકા,
ઉડે છે આનંદ પક્ષી, હરે છે ઉદાસી— જાગો.

પ્રભાત થયું છે વ્હાલા, હવે કેમ ઉંઘો ઠાલા,
'મોહનજી' મ્હારા ઉઠો, વાટ જુએ દાસી— જાગો.

॥ आत्मधन मळवुं, एज महद्द संपत्ति छे ॥

૫૭ (રાગ-રાગબાણ વાગ્યાં હોય તે જાણે—એ લય.)

મૂડી અમે મેળવી છે ઘણી મ્હોટી, કીધી કમાણી કોટાન કોટી. મૂડી.
વગ કીધી જેણે વિવેક સંગે પછી રળવાની શું રહે ખોટી,
નાણું નારાયણ નામનું રોકયું કે, લક્ષ્મિ આવીને પગ લોટી, મૂડી.

વળી વ્હેપારી ભેટયા વિરાગશા, ત્હેની સંગત ચિત્ત ચોટી,
ભલો જાણી એને ભાગીઓ કીધો, કીધી છે પૂર્ણ કસોટી, મૂડી.

વ્હેપાર ખેડવા વ્હાણ વિચારનાં, માલ લાદ્યો જ્ઞાન ગોટી,
અવિદ્યા કેરો સિંધુ ઓળંગવા, વ્હાણે ફોડી છે સીસોટી. મૂડી.

મોહ તોફાન વેળા સઢ વૃત્તિના સઘ લીધા છે સમેટી,
જાળવી જાળવી પાર ઉતરતાં, બ્રહ્મ વિદ્યા ત્યાં આવી ભેટી. મૂડી.

શમ દમ સંપત્તિ સેજમાં સાંપડી ભાગતી ભાગ્યથી જે છેટી
'મોહન' મહાધન મેળવ્યું ત્યાંથી, ખૂલી જયાં આત્મ તત્વ પેટી. મૂડી.

॥ उपाधिमां अटवायेला आत्माने आत्मस्वरुपनुं भान कराववा सत्य सुचना ॥

૫૮ (રાગ–માઢ.)

અહો, આ દેહે આવી, અજ્ઞાન લાવી, શુદ્ધ ગુમાવી,
ભૂલ્યો કાં આત્મારામ.
જરી જોને વિચારી, ઉરે ઉતારી, વાત આ સારી
સાચું કયાં ત્હારૂં ઠામ.

અસંગ અજરામર અવિકારી, આદિ અવિચળ આપ
ચિદ્દઘન બ્રહ્મ સ્વરૂપ તું પોતે, જયાં નહિ પૂણ્ય કે પાપ. અહો.

સર્વ સામર્થ્ય સુખાસ્પદ શંકર, સચ્ચિદ્ આનંદ રૂપ
કલેશ કે દ્વેષ ન લેશ જરી જહાં ભૂપ તણો તું ભૂપ. અહો.

સ્વયંપ્રકાશ સદોદીત સુંદર પ્રાપ્તિ ઉન્નતિનું ધામ
શાન્તિ સિદ્ધિપ્રદ તું ચિતિ સીન્ધુ ત્હારૂં ના રૂપ કે નામ. અહો.

દ્રશ્ય નથી દ્રષ્ટા દેવનો દેવ તું જડ ના ચૈતન્ય અંશ
ભૌતિક રૂપ ત્રીતાપનો સાપ તે આવી દીયે નહિ દંશ. અહો.

વાઘ અજાના વાડામાં ઉછેરે તો ભુલે આપ સ્વભાવ
ત્હેવી દશા લિંગ દેહમાં ત્હારી ભૂલ્યો તું નિજ પ્રભાવ, અહો.

શોધ સ્વરૂપ જો સત્ય હજુ પણ સ્હાય કરે ગુરૂરાય
'મોહન' મહાભ્રમ જીવનો છોડી તો શિવમાં સઘ શમાય. અહો.

॥ खरो आनंद संत पुरुषोज लुंटे छे ॥

૫૯ (રાગ–મજાહ દેતે હય કયા યાર—એ લય)

મજાહ લેતે હય કો, સંત, એસે મસ્ત ફીરને વાલે,
એસે મસ્ત ફીરને વાલે, હય મનસેં જો મતવાલે   મજાહ.

કીયા [1]ઝખમી હય તકદીર, જબ લગા [2]ઇશ્કકા તીર,
હુવે [3]ફિક્ર જલા કે ફકીર, પી બ્રહ્મરસ મીઠે પ્યાલે   મજાહ.

ના હયવાનસેં તકરાર, ના ઇનસાનોસેં પ્યાર,
ના કુછ [4]આલમકી દરકાર, એ [5]ઘૂમત રામ અકેલે   મજાહ.

કભી લોટે હય જહાં ખાક, કભી સોયા જાકે બાગ,
કબ પેન્હે બદન પોષાક, કબ હય, સરપર મૃગછાલે   મજાહ.

[6]હરદમ જપતે હય નામ, એક [7]હરસેં રખતા કામ,
અચ્છે દીન લેત આરામ્ 'મોહન' ભકત એ ભોલે ભાલે મજાહ.

॥ संतना संगमां रंगायेला संस्कारी जीवात्माना हर्षोद्गार ॥

૬૦ (રાગ-દાસ પરે દયા લાવો–એ લય)

સંત તણો સંગ લાગ્યોરે, હવે હરીના, સંત તણો રંગ લાગ્યો–ટેક.
સેવા સંતોની કરતાં, ચર્ણે મસ્તક તો ધરતાં
ભય સઘળો મનનો ભાગ્યો ભાગ્યોરે.   હવે.

૧–પ્રારબ્ધનો વિલય કર્યો. ૨–પ્રભુના પ્રેમમાં લગની લાગી ત્યારે. ૩–ચિંતાને છોડી દીધેલી છે. ૪–દુનિયાની. ૫–ફરે છે. ૬–હમેશાં. ૭–ઇશ્વરથી.

ભાંગી છે ભ્રાન્તિ મ્હારી, આપી છે શાન્તિ સારી
જડ ઉંઘેથી હું જાગ્યો જાગ્યોરે. હવે.

પ્હેલું જે મનડું મ્હારૂં, રહેતું ના વિષયે વાર્યું
હાર્યું અંતે છંદ ત્યાગ્યો ત્યાગ્યોરે હવે.

ષડ્ રીપુ પ્હેલાં ફાવ્યા, આજે ત્હેને હં ફાવ્યા
વળી વૃત્તિ વેગને ખાળ્યો ખાળ્યો રે. હવે.

વન્હિ[1] વિવેક પ્રગટયો, વાયુ વિરાગ ત્યાં થયો
ત્હેમાં સૌ રાગને દાગ્યોર[2] દાગ્યોરે. હવે.

લીંબડ પણ ચંદન સંગે, ઉગે તો મ્હેકે ગંધે
ત્હેમ[3] સંતે મુજને સાધ્યો સાધ્યોરે. હવે.

તાકે તીર શુરા કોઈને, ભેદે નિશાને જઈને
ત્હેમ સંત વચન ઘા વાગ્યો વાગ્યોરે. હવે.

સમાગમ સાધુ કેરો, થતાં ટળ્યો ભવનો ફેરો
(મળ્યો) 'મોહન' આનંદ મન માગ્યો માગ્યોરે. હવે.

॥ संत पुरुषोनी संपति ॥

૬૨ (રાગ-દાસ પરે દયા લાવોરે-એ લય.)

નામ નારાયણ નાણુંરે, મ્હને મળ્યું છે,
નામ નારાયણ નાણું. ટેક.

ટળ્યો મ્હારે લક્ષ્મિ તોટો, થયો હું તો શેઠ મ્હોટો
પૈસા પાણી તુલ્ય જાણું, જાણુંરે— મ્હને.

કોઈનો બાંધેલો નહિ હું, પુર્ણ સ્વતંત્રે રહી હું
મનગમતી મોજો માણું માણુંરે— મ્હને.

માન દીયે છે મહાજન, ધારી મુજ પાસે બહુ ધન
લેવા ઇચ્છે તે, લ્હાણું લ્હાણુંરે— મ્હને.

૧–અગ્નિ. ૨–બાળ્યો. ૩–સંતે મને સાધુ બનાવ્યો.

હું પણ ખરચું છું ખાંતે, થેલીને થેલી સાથે
નહિ લોભ ઉરે હું આણું આણું રે— મ્હને.

છપ્પનપર ભેરજ વાગે, એથી મમ વૈભવ આગે
ગાતો ફરૂં ધનનું ગાણું ગાણું રે— મ્હને.

મુસાફરી મ્હારે કરવી, મટી સહુ યોની ફરવી
'મોહન' મેં સાચવ્યું ટાણું ટાણું રે— મ્હને.

॥ संतनां लक्षण ॥

૬૨ (રાગ—ધીરાના પદનો)

સંતોરે એતો સાચારે, જે સુખ દુઃખ ગણે સરખાં,
નહિ જરી જેનેરે, ચિત્ત ચિંતાના ચરકા સંતો.

વિપત્તિને વૈભવ વિષે, હિલ્વળ નહિ કે વેગ,
સાગર સમ સમતોલ તે, હર્ષ કે નહિ ઉદ્વેગ,
જેણે જુકિતથી રે, છે પુરૂષોત્તમ પરખ્યા સંતો.

માન દીયે કો, મુખથી, અપમાને કો, આળ,
વૃતિ વિકાર ન વિલસે, અભિમાન કે કાળ,
સદાયે શાન્ત રાખેરે, ષડ્‌રિપુના ભડકા સંતો.

હરી ચરણમાં ચિત્તને, વસુધા વિચરે તેહ,
ભયશંકા જેને નહિ, ગણે ન નિજને દેહ,
વિદેહી વિર એવારે, જોઇ 'મોહન' મન હરખ્યાં સંતો.

आनंद उप -शक गरबीयो.

॥ श्री रामना आशरो लई चिन्ता त्यजवी ॥

૬૩ (રાગ-ગરબી—હરી વેણુ વાય છે રે હો વનમાં-એ લય.)

રામને ભરૂસેં રેહો રહીયે,
રામ સીતારામ કહી દોષો દહીયે. રામ
ધીરજ ધ્યાને રેહો ધરીયે
ચિતડાની ચિંતા સઘળી તજીયે. રામ.
સંતાપ શીદને રેહો, સજીયે
આનંદે અવિનાશી ભજીયે. રામ.
સંતોષ રાખીયે રેહો, સાચો
ઓછું કયાં રહે જયાં હરી યાચ્યો. રામ.
દેવા વાળો રેહો દાતા
શાને મરીયે હું, હું, થાતા. રામ.
ઓશીયાળ ધરવી રેહો એની
ખામી કે નહિ રહે ખોટ શેની. રામ.
આશરો એનો રેહો લીધો
તે જન જમડાથી નવ બીધો. રામ.
ખેલ ભજાવ્યો રેહો ખાંતે
'મોહન' મહાસુખ પામી નિરાંતે. રામ.

॥ रामने भजवाथी अखंड सुख मळे छे ॥

૬૪ (રાગ-ગરબી પુર્વોકત લય.)

રામને ભજતાં રેહો ભાવે,
અખંડ સુખડાં સેજે આવે રામ.

સુખએ પામી રેહો, શવરી,
ભીલડી ભોળી ભક્તિથી તરી   રામ.
કાગ ભુશંડી રેહો, કેવા,
રામ ગુણ ગાઇ થયા છે દેવા   રામ.
ગૌત્તમ નારી રેહો અહલ્યા,
શ્રાપથી છુટી મટી ગઇ સલ્યા   રામ.
વેશ્યા રેહો, જે, વંઠેલી,
તે, રામ નામથી તરી ગઇ વ્હેલી   રામ.
આમ અનેક જન રેહો તરીયા,
ડોળવા મુકયા છે ભવ દરીયા   રામ.
નિચ કે ઉંચને રેહો, ન જોતા,
રઘુપતિ તો એક પ્રેમમાં મ્હોતા   રામ.
દુઃખને દળદર રેહો, છેદી,
ભકત ઉગારે કાળ જાળ ભેદી   રામ.
લક્ષ ચોરાશીના હો, ફેરા,
'મોહન' ટાળે રામ સવેળા   રામ.

॥ જગતની ભુલવણીમાંથી કોઈ જવલ્લેજ ચેતે છે ॥

૬૫ (રાગ–ગરબી–પુર્વોકત લય.)

ભૂલવણીમાં રેહો ભૂલ્યા
જુઠડા જગમાં ફોકટ ફુલ્યા   ભૂ.
બાજીગરની રેહો બાજી
એવા એવા વૈભવમાં થયા રાજી.   ભુ.
સ્વપ્ને ચુરમું રેહો, ખાધું,
આ સુખ એવું તોયે સાધ્યું.   ભૂ.
વાંઝણીના પુત્રો રેહો, વંઠયા
એવું જગ આ સત્ય માની બેઠા.   ભૂ.
શીંદરામાં સાપ જેમ રેહો, જોયો
જીવ ત્હેમ માયામાં ભૂલી મોહ્યો,   ભૂ.

ક્રોધ દ્વી, તપાસી રેહો, ન જોયું
જુઠામાં સહુ જીવન ખોયું, ભૂ.
સંતે ચેતવ્યા રેહો, જેને
ભવમાં ભાંગી છે ભુલ ત્હેને. ભૂ.
વિવેક પ્રગટયો રેહો, વ્હેલો
'મોહન' મારગ મળીયો સ્હેલો. ભૂ.

॥ ब्रह्मचारी बजरंगनुं स्मर्ण कष्टभंजन छे ॥

૬૬ (રાગ-ગરબી—પુર્વોક્ત લય)

બજરંગ બળિયા રેહો, સ્મરીયે
પછી નહિ દીલમાં કોથી ડરીયે. બજ.
કંચન વર્ણી રેહો કાયા
હાથમાં દંડ અને ધ્વજ સાહ્યા બજ.
ભુત પ્રેત ભાગે રેહો ભયથી
રામદૂતની પડયે ત્રાડો જયથી બજ.
વજ્ર કચ્છોટોરેહો વાળ્યો
એક હાથ દ્રોણાચળ છે ધાર્યો બજ.
જેણે પગથી રેહો દાબી
પાપી પનોતીને કરી લાંબી બજ.
બ્રહ્મચારી જે રેહો, બાળા
જપે જેને જોગીયો લઇને માળા બજ.
શંકરની જે રેહો, વિભુતી
ધારી જેણે કંઠે માળ વિજંતી બજ.
આ રૂપ ધ્યાને રેહો, ધરીયે
આનંદે ઉપાસના કરીયે બજ.
દુઃખ નહિ એને રેહો, આવે
વિર હનુમંતાને મન ભાવે. બજ.
રામનું ધામ તે અંતે હો દેતા
'મોહન' ભક્ત ઉદ્ધારી લેતા. બજ.

स्त्री समाजने माटे आत्मज्ञान ने उत्तम बोधनां पदो.

॥ तनु मंदीरमां तीर्थ करती वृत्ति ॥

૬૭ (રાગ–કહો હંસરાણા કયો ત્હમારો દેશરે એ લય.)

તીરથ મ્હારા તનમાં જોયાં આજરે, ઓળખીને આત્મા રામનેરે
દશ દીશમાં મેં વ્યાપ્યા દીઠા દેવરે, ઠાલો ન જોઉં કો, ઠામનેરે
ગગન ગીરીને અવની તળ પાતાળરે, દીઠા મેં મ્હારા દેહમાંરે
ગંગા યમુના સરસ્વતીના ઘાટરે, ત્યાં નાઈ હું ન્હેની, નેહમાંરે
વાયુ ત્યાં તો વંદ્રાવનના વાયરે, સુગંધો મીઠી આપતારે
નોબત નરઘાં નાદ નગારાં થાયરે, વાજીંત્રો વિવિધ જાતનાંરે
[1]કૃષ્ણ કન્હૈયા ખેલે ત્હેમાં રાસરે, [2]ગોપીની સંગે ગાનથીરે
થૈ થૈ થાયે ચૌદે લોકે ઘોષરે, સૌ ભૂલ્યાં જગના ભાનથીરે
અમૃત ઝરતું ઇન્દુથી એ વારરે, આનંદે અબળા ઝીલતીરે
ચરણામૃત એ મેં પણ લીધું શિશરે, પીધું એ પુરા પ્રેમથીરે
પીતાં ટળીયા છે તમ રજના તાપરે, શાન્તિનો સાગર ઉલટયોરે
સફળ થઇ છે યાત્રા મ્હારી આજરે, 'મોહન' મરવાનો ભય મટયોરે.

॥ सद्गुणो नारी संसारमांथी सत्य शोधे छे ॥

૬૮ (રાગ–ધોળ–ચાલો સખી ચાલીયે જ્ઞાન હાટેરે–એ લય.)

ચાલો સખી શોધીયે સુખ સાચુંરે,
મિથ્યા સુખ જગતનું છે કાચું ચાલો.

૧–આત્મા. ૨–આત્માનુભવ કરતી વૃત્તિ.

જેમ માંખી પુલેથી મધ લેતીરે,
ખાલી ખાર વસ્તુ તજી દેતીરે;
એમ આપણે લ્યો સુખ ચેતી. ચાલો.

વળી પાણીમાંથી પય[1] ખેંચેરે,
હંસ ચાળવી ને નિજ ચાંચેરે;
ત્હેમ સમજુ લઈ સત્ય રાચે.[2] ચાલો.

બ્હેનો, એમ જુઠા જગમાંથીરે,
સત્ય વસ્તુ શોધો શમશાથીરે;
કરી નિજ પતિને પંથ સાથી. ચાલો.

પતિને અનુસરી સત્ય લેવારે,
ચાલો બેઠા જ્યાં છે ગુરૂ દેવારે;
જેની વાણીમાં છે મીઠા મેવા. ચાલો.

કળા હંસ જેવી ગુરૂ દેશેરે,
મનડું સાચાં સુખોને ઓળખશેરે;
નહિં જુઠે પછી ઝંપલાશે. ચાલો.

સત્ય નામ હરી એક શોધીરે,
રહીયે સંસારે ઇન્દ્રિયો રોધીરે;[3]
આવે સંકટ સહુની ત્યાં અવધિ[4] ચાલો.

શાણી, જન્મ સફળ ત્યારે થાશેરે,
દારૂણ દુઃખડાં તેથી દુર જાશેરે;
'મોહન' મુખડાં નકિક મલકાશે. ચાલો.

॥ ज्ञान मेळववा माटे केवी रीते वर्तन राखवुं ? ॥

૬૯ (રાગ-રામ લક્ષ્મણ વનમાં સીધાવતાં-એ લય.)

સહિઅર આવો કરીયે રે જ્ઞાન ગોઠડી,
મુકી નિંદવી, નાત ને જાત, વિચારીયે વાત,
નારાયણ નામની.

૧-દુધ. ૨-ખુશી થવું. ૩-વશ કરી. ૪-છેડો.

વ્હેની, કોઇ સંગાતે ન બાઝીયે,
સદા રાખીયે શાન્ત સ્વભાવ, સુશિલતા સાવ,
કુડા ક્રોધને હણી.

મદ મત્સરમાં નવ મ્હાલીએ,
બોલીએ નહિ મોટેરા બોલ, જેથી ઘટે તોલ,
લોકો કે' અળખામણી.

મોહ મમતાને લાલચ લોભને
કરીયે દુર ઇર્ષ્યા ઉર દાઝ, બાંધી પૂણ્ય પાઝ,
કરણી શુભ કામની.

વળી વિષયોમાં મન નહિ વાળીયે,
પાળીયે પતિવ્રતનો આચાર, ઉતારે જે પાર
શોભા ત્હેમાં નારની.

ડાહી દિલડામાં તો દયા રાખીયે
ગણી જગજીવ આપ સમાન, દઇ સનમાન
ભલાં વેણુ તો ભણી.

નીતિ ન્યાય સદાય નિભાવીયે
ટાળી તૃષ્ણાઓ મિથ્યા તમામ, ભજી મુખ રામ,
સેવા કરી શ્યામની.

વ્હાલી વિસરીયે ન વિવેકને,
ક્યાં જે તે સહુ સુખનું સ્થાન, લહે વિદ્વાન,
ખરો ગુણુ એ ગણી.

વાધ્યે વિવેક આશકિત ઉઠશે,
પ્રગટે વૈરાગની ઉર આગ, બળે ત્હેમાં રાગ.
લાગે લગની રામની.

સુખ ને દુઃખ બન્ને સરખાં ગણી,
ધરીયે ધીરજ અંતર ધ્યાન, કરી ગુણુગાન,
પ્રભુ તણાં પ્રેમથી.

ભલે જગમાં રહો ભલી ભાતથી,
રહે કમળ કરી જળવાસ, રહો ત્હેમ ખાસ,
'મોહન' રૂડા મોદથી.

॥ अज्ञान ंघमांथी जाग्रत थई आत्ममंदिरमां प्रवेश करती वृत्ति ॥

૭૦ (રાગ–સવામણ સોનાને છે દીવોરે–એ લય.)

સખી હું તો સુતીતી ઘર ભૂલીરે
એવામાં ત્યાં આંખડલી મ્હારી ખૂલીરે
જોઉં ત્યાં તો જગાડે ગુરૂદેવારે
ઉંઘવાના આવા શું કહી હેવારે
પરઘેર બ્હેની, તું કેમ પોઢીરે
ભૂવન જા ત્હારૂં લે ઝટ શોધીરે
ઉંઘમાં અળગી થઇ હોય શુદ્ધિરે
દેખાડું (તો) ઘર ત્હારૂં દઇ બુદ્ધિરે
એમ કહી એંધાણી ગુરૂ આપેરે
મીઠા મીઠા બોલો કહી ભ્રમ કાપેરે
એલી જોતું, આ ઉંચી જે મેડીરે
ત્હેમાં વસે ત્હારા કંથની હેડીરે
ઝળહળ જ્યોતો જ્યાં બળે ઝાઝીરે
અનાહત્ નાદો જ્યાં રહ્યા ગાજીરે
ટાંગ્યાં વળી તોરણીયાં અવિકારીરે
અનવધિ આનંદની છે અટારીરે
સત્ ચિત્ છત્ર ત્યાં જો રાજેરે
તે, બ્હેની, ત્હારે શિશ બિરાજેરે
સુણતાંએ ગઈ છું હું બાઈ હરખીરે
'મોહન' એંધાણીથી ઘર પરખીરે.

॥ स्वरुप भुलेला हंसरुपी आत्माने सुचना ॥

૭૧ (રાગ–કહો હંસરાણા ક્યો છે ત્હમારો દેશરે–એ લય)

ઓ, હંસ મ્હારા ભૂલ્યો કાં તું ભાનરે, આ સ્થાન નથી જો આપણુંરે
માન સરોવર કેરી છે નહિ મોજરે, જો અહિંઆં ત્રિવિધતાપણુંરે

હિમપવનની છે ક્યાં, અહિંઆં લ્હેરરે, વિષયોના વાતા વાયરારે
ઝરમર શાન્તિ ઝરણું નહિ આ જાગ્યરે, ભ્રાન્તિના ઝરતા જો ઝરારે
આનંદ આંબાની અદ્‌ભુત નહિ છાંયરે, જુઠાં છે જગનાં ઝાંખરાંરે
સત્ ચિત્ સાચા મોતીની નહિ ચારયરે, દીસે અહિં કલેશી કાંકરારે
તો પછી ત્હારે રહેવું અહિં કાં રાતરે, ઉડી જા ત્હારે આશરે રે
બ્રહ્મ જળમાંહી તરશે ત્હારી જાતરે, સૂખી તું થાશે ત્યાં ખરેરે
એમ છતાં પણ જો તું ના ચેતિશરે, આવી પારાધી પકડશેરે
'મોહન' મુખથી કળકળવા લાગીશરે, પુરો પસ્તાવો ત્યારે થશેરે.

॥ सत्संग गंगामां स्नान करवाथी सर्व ताप टळे छे ॥

૭૨ (રાગ—કુંદનપર વિવાહુ રચ્યો.—એ લય.)

સત્સંગ રંગ લગાવીયેં મ્હેની ઉમંગ ધારી અંગ
સત્સંગમાં સૌ તિર્થ છે જો, ગોમતી યમુના ગંગ.
પાપ સહુએ પલાળીયેં વળી ધોયે મનનો મેલ,
ન્હાતાં નિત્યે નેહથી આ ખોટો ટળતો ખેલ.
ભવ દુઃખનાં જે ભંઠીયાં સદા ખુંચે અંતરમાંહ્ય
જીલતાં સત્સંગ ગંગમાં એ સઘ સમૂળાં જાય.
આધિ ઉન્હાળુ તાપની લુ' લાગે નહિ કોઇ વાર,
પ્રપંચ પરશેવો વળી અકળાવે નહિ તલભાર.
નિર્મળ દેહ રહે રૂડો નવ થાયે ભવનો રોગ,
છિદ્ર સહુ ચોખ્ખાં રહે નહિ વાંચ્છના ચેપ સંયોગ.
પીતાં વળી અતિ પ્રેમથી કરે નિર એ ઉર આનંદ,
શાન્તિ અલોકીક આપીને કરે ઉન્મત્ત ઇન્દ્રિયો મંદ
સત્સંગ ગંગાનો અતિ આ મહિમા છે ગંભીર,
મોજ ખરી તે ભોગવે જે નાહ્ય ત્હેને નીર.
માટે હે, સખી હેતથી કરો ગંગા સ્નાન હમેશ,
'મોહન' મહાસુખ પામશો તજી જગના કુડા કલેશ.

॥ सत्संग महिमा ॥

૭૩ (રાગ–કુંદનપર વિવાહુ રચ્યો–એ લય.)

સત્સંગનું સુખ શું કહું જ્હેની, વર્ણિ શકે નવ શેષ,
સુખનો સૂરજ ઉગતો કર્યે સત્સંગ નિત્ય નિમેષ.
કલ્પતરૂવરને તળે જેમ બેસી ચિતવે ચિત્ત,
મનવાંચ્છિત આવી મળે સૌ વસ્તુ વેગે ખચિત.
એમ આ સત્સંગ છાંયડે સખી કરીયે જો વિશ્રામ,
અનંત સુખ આવી મળે વળી ધાર્યાં થાયે કામ.
સત્સંગ 'પારસ' પ્રીછતાં થતું જીવ લોહું આ હેમ,
મૃદંગમાં મઢયે ચામડું જેમ પવિત્ર થાતું ત્હેમ.
કામધેનુ ઘેર દુઝતી ત્હેને ભૂવન જાય ન ભૂખ,
સત્સંગને ત્હેમ સેવતાં સખી, દેખે નહિ કો, દુઃખ.
શાણી સંસારના સાગરે છે સત્સંગરૂપી વ્હાણ,
'મોહન' ભવજળ તારવા જેનું ગુરૂએ લીધું સુકાન.

जवि ने जमनो संवाद ॥

૭૪ (રાગ–ઢોલડીયા ધડુકયા લાડી—એ લય.)

જીવ લેવાને આવ્યો જમડો, જબરી લઇને જાળરે,
આવી કહેવા લાગ્યો જીવને, નીકળ આવ્યો કાળરે.
એક ઘડીની અવધી રહી છે, અસુર કરે છે કેમરે,
કાયામાં કાં, હડીયું કાઢે, શું છે ત્હારી નેમરે.
આવું સુણી બોલ્યો જીવડો, જમને જોડી હાથરે,
જો, ઉભા રો' વાર જરી તો, સંભાળું મુજ સાથરે.
કુટુમ્બ કબીલાં સગાં સંબંધી, સુખ દેનારાં સારરે,
ત્હેની સાથે વાત કરી લઉં, આવું પછી આ વારરે.
જમ કહે જીવડા જનમ્યો ત્યાંથી, મરતાં સુધી મુંઢરે,
મ્હારાં મ્હારાં કરીને મલકયો, ભૂલી ત્હારી શુદ્ધરે.
ત્હારાં હોયતો ત્હારી સ્હાયે કાં ચાલે નહિ સંગરે,

વળી વખત નહિ રહ્યો છે જીવડા, છોડી નીકળ અંગરે.
કરગરવા તવ લાગ્યો જીવડો, જમને લાગ્યો પાયરે,
ઉભા રો' તો કામ અધુરાં, કરી હું આવું આંહ્યરે.
ખડખડ હસવા લાગ્યો સુણી, જમડો જીવની વાતરે,
બોલ્યો નીકળ વેળ વીતેછે, નહિ તો મારૂં લાતરે.
લાતની સુણી વાત એ ભડકયો, જીવ ઘણો ગભરાયરે,
ત્રાસ ઘણો દેખીને જમનો, મુંઢ ઘણો મુંઝાયરે.
અકળાઈ આખર તે બોલ્યો, આવુંછું હું આજરે,
પણ પાપો કીધાં છે તેથી, પૂણ્ય કરી લઉં કાજરે.
ધીરજ ખોઇ જમડો બોલ્યો, કરડી કરતો આંખરે,
અંધો થ્યોતો આજ સુધી શું, કે આવીતી ઝાંખરે.
જોઇ શકયો નહિ કરણી ત્હારી, હરીના ઘરના ચોરરે,
મુંડાવ્યું શું, તેં માયામાં, મૂરખ શિરના મોરરે.
ઘર સળગ્યું કે કુપ ખોદાવે, કયાંથી બુઝે આગરે,
સાવધ થ્યો તું એમ આ વેળા, આવેલ ભૂલ્યો લાગરે
હવે હરામી મુકી હઠતું, ઉઠ તજીને દેહરે,
માયા મમતા મુડી મુકી, ભૂલી સૈનો સ્નેહરે.
એમ કહી ઝાળેથી બાંધી, જમડે કરીયું જોરરે,
જીવ નીકળ્યો છે જખ મારીને, રડતો કરતો શોરરે.
કામ કર્યાંતાં જે જે કુડાં, આવ્યાં તે સન્મુખરે,
ચોપાસેથી લીધો ઘેરી, દેવા લાગ્યાં દુઃખરે.
ત્યારે તે પસ્તાણો પાપી, અંતરમાં બહુ વારરે,
'મોહન' મનુષ્યાદેહ મળ્યો તો, વૃથા ગયો અવતારરે.

॥ સધવાને સત્સંગ શોધવા બહાર જવાની જરુર નથી ॥

૭૫ (રાગ–ઓધવજી સન્દેશો કહેજો શ્યામને–એ લય.)

સધવાને સત્સંગ છે સાચો સ્વામીનો
સમજે તો સુખ સાચું એ દેનારજો

પ્રેમ થકી પુજે જો ત્હેને પ્રેમદા
સેજે તરતી તે તો આ સંસારજો. સધવા.

સદ્‌ગુરૂ સાચો છે અબળાને કંથજો
ભજતાં ત્હેને ડુબે નહિ ભવ કુપજો
વેદ પુરાણે પણ એ વાતો છે વદી
પતિ પુજ્યે સતિ ઓળખતી નિજ રૂપજો. સધવા.

સાધન અન્ય નહિ છે ત્હેને સાધવાં
જપ તપ તિરૂથ કે ઝાઝા અપવાસ જો
એક વૃત્તિથી અનુસરતી જો નાથને
થાતો ત્હેનો અંતે વૈકુંઠ વાસજો. સધવા.

સંસારે પણ સુખ તે માણે મોજથી
ધર્મ અર્થનાં સાધી સઘળાં કામ જો
'મોહન' સ્વર્ગ તણું તે અહિં સુખ ભોગવે
રાજી રહે વળી તેથી સીતારામજો. સધવા.

॥ निज धर्म साचवे तो, विधवानी स्थिति सन्यासीना समानज छे ॥

૭૬ (રાગ–ઉપરનો.)

વિધવાનો આશ્રમ આ અવની ઉપરે
સંસારી કરતાં છે શ્રેષ્ટ અપારજો
સન્યાસીના જેવી ગતિ છે તેહની
આચરતી જો, આપ તણા આચારજો, વિધવા,

વિષયોની વાતો તે ના વિચારતી
તન મન વાણીમાં છે નહિ વ્યભિચાર જો
કામસુચક નજરે તે કદી નવ ન્યાળતી
દોષ વિનાં મુખમુદ્રા રહિત વિકારજો વિધવા.

ચંચળ ચાલ્યે ચાલે નહિ ચટકો કરી
મલકાવે નહિ મુખને મિથ્યા વેળજો
હાસ્ય વિનોદ વિષે જે ખડખડ ના હસે
તાળી લઈ કરવાને ઠઠ્ઠા ઠોળજો. વિધવા.

વસ્ત્ર આભૂષણુ જે છે વિવિધ જાતનાં
તે ધારણુ કરતી નહિ જે નિજ અંગજો
કાજળ આંખે સારી કંકુ ના કરે
રાખે નહિ પુરૂષોથી ઝાઝો પ્રસંગજો. વિધવા.

ભોજન ભાવે સાત્વિક ને સાદું જમે
જે નહિ સેવે કામોત્તેજક આહારજો
નિત્યે, રાખે ટેવ એ મિતાહારની
તજી રસનાના સ્વાદ સહુ નિરધારજો વિધવા.

વિવેકે મર્યાદા રાખી વિચરે
શાન્ત સુશીલતા ધારી અંતર માંહ્યજો
ઉન્મત્તતા છે અલ્પ ન કો, ઈન્દ્રિ વિષે
તૃષ્ણાની ટાળી છે તનથી લાહ્યજો વિધવા.

સંતોષે રહેતી જે શ્રી હરિ ધ્યાનમાં
જપ કરતી નિયમે નારાયણુ નિત્યજો
પૂણ્ય અને પમારૂથ કેરા કામમાં
પ્રસન્ન વદનથી રાખે છે જે પ્રીતજો વિધવા.

પોતાના આચાર અનુકુળ આપતી
જે, જન સમુદાયે તનમન ધન સ્હાયજો
નહિ ત્હેને કર્તવ્ય રહે કરવું કંઇ
'મોહન' શીવપદ પામી મોક્ષે જાયજો. વિધવા.

आरतीयो.

॥ शंकर भगवाननी आरती ॥

૭૭ (રાગ—આરતીનો.)

જય શશિધર શીવજી ૐ જય શશિધર શીવજી,
શેષ સ્તવન કરે સુર ગણુ, (૨) સઘળા ગર્વ તજી. ૐ જય.

અકાર—ઉકાર—મકાર, અદ્દભુત ઓંમકારા (શીવ અદ્.)
નિર્ગુણી નિર્ભય નિત્યે (૨) નામ થકી ન્યારા. ,,

સ્વયંપ્રકાશ સ્વરૂપ, સચ્ચિદાનંદ સ્વામી (શીવ સચ્ચિ.)
અસંગ અજન્મા અવિચળ, (૨) ઇશ અંતરયામી. ,,

છતાં સગુણ સંસાર, સરજ્યો સ્વેચ્છાથી (શીવ સરજ્યો.)
સ્થળ જળ સકળ સદોદિત (૨) ચૈતન્ય અંશ વશી. ,,

શમતાં અંતે સર્વ, સચરાચર તમમાં (શીવ સચરા.)
અકળ ગતિ અવિનાશી (૨) આપ તણી એમાં. ,,

ગંગેશ્વર ગુણાતીત, તોયે ગુણવંતા (શીવ તોયે.)
ભેદ લહે કો, ભકતો (૨) ભજતાં ભગવંતા. ,,

જપતા જગના જીવ, જે જે રૂપ ગણી (શીવ જે જે.)
તે, તે, રૂપે પ્રગટો, (૨) હરકત સર્વ હણી. ,,

કથવાં કયાં તમ કામ, કહી તમ કૃતિ કહાણી (શીવ કહી)
વદતાં તે ન વદાયે (૨) વીરમે જ્યાં વાણી. ,,

અંતિમ અનુગ્રહ ઇષ્ટ, આપ તણો ઇચ્છી (શીવ આપ.)
'મોહન' વંદે મનથી (૨) ઈચ્છા ન અન્ય કશી. ,,

॥ श्री रामचंद्रजीनी आरती ॥

૯૮ (રાગ–આરતીના.)

અહા, આનંદ અગાધ, અવધપતિ જોતાં (પ્રભુ અવ.)
દર્શન કરતાં દિલથી, (૨) દુખ સઘળાં ખોતાં
ૐ રામ, રામ રઘુરાજ.
દેવા સુતનું સુખ, દશરથના દ્વારે (પ્રભુ દશ.)
પોતે પરિબ્રહ્મ પ્રગટયા, (૨) શ્રી પતિ સંસારે, ૐ રામ.
લીલા તનુ અવતાર, કૌશલ્ય તન કુળ ભાણુ (પ્રભુ કૌ.)
હરવા ભાર સંહરવા (૨) દાનવ ધરીયું બાણુ. ,,
મુનિજન હરખ્યા મન, ભડકયા ભૂ દૈત્યો (પ્રભુ ભ.)
સુરી નરવર ગાંધર્વો (૨) ગાયે છે ગીતો. ,,
જનક પ્રતિજ્ઞા જોઇ, સઘળા ભૂપ ડરયા (પ્રભુ સ.)
પુર્ણ કરી તે પ્રતિજ્ઞા (૨) સીતા સદ્ય વરયાઃ ,,
રૂષિ યજ્ઞોનાં વિઘ્ન, શિઘ્ર સહુ ટાળ્યાં (પ્રભુ શિ.)
લઘુ વયમાં પ્રભુતાનાં (૨) "પણુ" પોતે પાળ્યાં. ,,
કરવા અરિ સંહાર, અરણ્ય વિષે આવ્યા (પ્રભુ અ.)
લક્ષ્મણુ ને સતિ સંગે (૨) ભકતને મન ભાવ્યા. ,,
અહલ્યા સલ્યા રૂપ, ત્હેને ઉગારી (પ્રભુ ત્હેને)
લીધાં શવરી બોરાં, (૨) દઇ મુકતી સારી. ,,
વાળી વધ કરી વ્હાર, સુગ્રીવની કીધી (પ્રભુ સુ.)
મારી [1]દશાનન લંકા, (૨) વિભિષણુને દીધી. ,,
ગણુતાં કયાંથી ગણુાય, રઘુપતિની લીલા (પ્રભુ રઘુ.)
અજરામર અવિનાશી (૨) રામ જે રંગીલા. ,,
ભજતાં તરતા ભકત, આ ભવથી ભારી (પ્રભુ આ)
એ, નામે ઉદ્ધાર્યાં, (૨) અગણિત નરનારી. ,,
એવા એ, ભગવાન, નારાયણુ નિષ્કામ (પ્રભુ ના.)
'મોહન' મહાજન બોલો (૨) જય જય સીતારામ. ,,

૧–રાવણુ.

॥ सद्गुरुनी आरती ॥

૭૯ (રાગ–આરતીનો.)

જય ગુરૂવર રાયા, પ્રભુ જય ગુરૂવર રાયા
અધમોદ્ધારણ તારણ (૨) ભવ દુસ્તર માયા. જય.
શાન્ત સુરમ્ય સુશિલ, શીવરૂપે શોભો (ગુરૂ શીવ)
દુ:ખ ટાળી દ્વંદોનાં (૨) દીલથી ન કોઈ દુભો. જય.
અગણિત ને આધાર, અતિ મતિ ધર આપો (ગુરૂ અતિ.)
મોહ તરંગે મરતા (૨) જીવ નિર્ભય સ્થાપો. જય.
તત્ પદનું દઈ જ્ઞાન, ટાળો ભૌતિક તાપ (ગુરૂ ટાળો.)
તમ પગ માંહી પડતાં (૨) પળતાં સર્વે પાપ. જય.
વિષમ વખતમાં વ્હાર, આપ સદા કરતા (ગુરૂ આપ.)
ભવસિન્ધુમાં ભાવે (૨) શિષ્ય લઇ તરતા. જય.
ભેદ નહિ ભગવાન, ને તમમાં જાણું (ગુરૂ ને.)
નારાયણ રૂપે છો, (૨) નિર્બળનું નાણું. જય.
એવા ઓ ! ગુરૂરાય, ગુણવંતા સુખધામ (ગુરૂ ગુણ.)
'મોહન' નામી મસ્તક (૨) કોટી કરે છે પ્રણામ. જય.

॥ हनुमंतवीरनी आरती ॥

૮૦ (રાગ–આરતીનો.)

જય વીર હનુમંતા, પ્રભુ, જય વીર હનુમંતા,
તેલ સિંદુર શિશ ચડતાં (૨) શોભો બળવંતા. જય.
વજ્ર કાય વીર હાંક, વાગે જ્યાં ત્હારી (વીર વાગે.)
ભૂત પ્રેત પિશાચો (૨) ભાગે ભયકારી. ,,
બ્રહ્મચર્ય બળ તેજ, ત્હારામાં ભારી (વીર ત્હારા.)
સંત મહંતો સેવે (૨) તુજને બ્રહ્મચારી. ,,
રૂદ્ર તણો અવતાર, અજરામર અંશી (વીર અજ.)
દુઃખભંજન જન દેવા (૨) મહા મારૂત વંશી. ,,

[1]યુગ યુગ ભિન્ન ભિન્ન રૂપ, પ્રગટે તું પૃથ્વી (વીર પ્રગટે.) જય.
ભય હરતો ભક્તોનો (૨) નિતિ સ્થાપી નવી. ,,
સતયુગ મારૂતી રૂપ, લીધું વસુધાયે (વીર લીધું.)
ત્રેતાયે હનુમંતા (૨) સ્થાપ્યા રઘુરાયે. ,,
સીતાની લઇ સાર, પાર વળી પામ્યા (વીર પાર.)
ઓળંગી [2]ઉદધિને (૨) લંકા ગઢ કામ્યા. ,,
દ્વાપરમાં થ્યા દેવ, ભિષ્મ તણા રૂપે (વીર ભિષ્મ.)
બ્રહ્મચર્ય "પણ" પાળી, તરીયા ભવકુપે. ,,
કળીયુગમાં કર્યું કામ, [3]આર્યાવૃત ઉદ્ધાર (વીર આ.)
રામદાસના રૂપે (૨) તાર્યો વેદ વિચાર. ,,
આમ લઇ અવતાર, હરતા ભવ ભય ભાર (વીર હરતા.)
બ્રહ્મચર્યના બળનો (૨) સમજાવીને સાર. ,,
યોગી અદ્દભુત આપ, કોણ પ્રતાપ કળે (વીર કોણ.)
નામ ઉચ્ચારણ ત્હારૂં (૨) દળદર દુ:ખ દળે. ,,
એવા અંજની નંદ, વંદન કરી ચર્ણે (વીર વંદન.)
'મોહન' માગે મનથી, નિત્ય રહો સ્મર્ણે. ,,

॥ विविध सदबोधक छप्पा ॥

૮૧ (છપ્પો.)

કરમાં લઇ કીડતાળ, તાળ તો તબલે લીધો
સારંગી સીતાર, તાર પેટી સુર દીધો
કુટી લઇને હાથ, કાંશીયાં કેરી જોડી
કરી ભજન તન તોડ, જોડ આંઝોની ફોડી
વેચી ઉંઘ ઉજાગરા, દીવસ રાત દરણું દળ્યું
'મોહન' જ્ઞાન મળ્યું નહિ, વિચાર ત્હેમાં શું વળ્યું ?

* * *

૧-મરાઠી સાહિત્યના આધારે ભીષ્મ ને રામદાસ, એ હનુમંતના અવતાર મનાયેલ છે. જુઓ રામદાસ સ્વામીનું જીવન ચરિત્ર. ૨-સમુદ્ર. ૩ ભરતખંડ (કે જેના પ્રયત્ન ને ઉપદેશથી શીવાજી સનાતન ધર્મ ટકાવી શકયો.)

બેસે છે બગ તીર નીર, વહેતું જે નદીયે
ધરતા દીઠા ધ્યાન, જનો પણ તેવું હૃદયે
રીઝે કયાંથી રામ, કામ તો કરવાં કુડાં
ઝાઝા કરતો જાપ પાપના વાળી પુડા
મુંઢ ભલે માળા લઇ, મણકા મુકયા છો કરે
'મોહન' માયા પુરથી, તે તો કદીયે ના તરે.

*　　　*　　　*

કરવા દરશન કાજ, કાજ તો ઘરનાં મુક્યાં
દોડી દીધી દોટ, જરાયે વેળ ન ચુકયાં
ભકતોની છે ભીડ, છતાં પણ અંદર પેઠા
પીસાતાં પડતાંજ, દેવને દ્રષ્ટે દીઠા
આમ છતાં પણ આખરે, ભેટયા નહિ ભગવાન તો
ફોગટ ટાંગા તોડ તે, 'મોહન' મનમાં માનતો.

*　　　*　　　*

ગયા ગુરૂની પાસ, દાસ થઇ બોધજ લીધો
પાળ્યો એ આચાર, ચાર દી પ્હેલાં સીધો
પછી પડીને મંદ, ઉરમાં આળસ આણી
કરવા માંડી વેઠ, બેલ જેમ ખેંચે ઘાણી
વરસો આમ વિત્યાં ઘણાં, સિદ્ધિ નહિ થઇ સાધને
'મોહન' મુર્ખ તે નિંદતો, ફોકટ ગુરૂના નામને.

*　　　*　　　*

આવી આભડછેટ, છીટ છી સૌને કરીયું
અડતાં અન્યને અંગ, દીલ તો જેનું ડરીયું
નાહ્યો વાર ચચ્ચાર, ગણી આચાર તે નિત્યે
થાતાં સ્હેજ અશુદ્ધ, કર્યાં પ્રાયશ્ચિત પ્રીતે
આમ અવસ્થા ગઇ છતાં, મળનો મેલ રહ્યો ઉરે
'મોહન' મરજાદી થયો, તો પણ ચોરાશી ફરે.

*　　　*　　　*

મીંઢા થઈ [1]મંઝાર શાન્ત બ્રહ્મા થઈ બેઠો
મનમાં જપતો માળ, [2]મુશકને તજે ન દીઠો
જોયા જુઠા એમ, જનો બહુ ભકિત કરતા
સ્વારથના સરદાર, દોષથી જે નવ ડરતા
અવગુણ ને અભિમાન નહિ, અંતરથી અળગાં થયાં
'મોહન' સાધન સર્વ તે, માટી માંહી મળી ગયાં.

*　　　　*　　　　*

વાંચ્યું બહુ વેદાન્ત, શાન્ત મન કરવા સારૂ
સાધન કીધાં સર્વ, ગર્વને તજવા સારૂ
લીધો ગુરૂનો બોધ, ક્રોધ પરહરવા સારૂ
કીધો યોગાભ્યાસ, વાંચ્છના ટળવા સારૂ
પણ આવા યત્ન કર્યા છતાં, ભેદ રહ્યો ભગવાનથી
'મોહન' જન તો જાણજો, મરીચો તે ખાલી મથી.

*　　　　*　　　　*

બોલે ના બહુ વાત, શાન્ત લાગે તે સહુમાં
પણ મનથી મહા નીચ, બળે ઈર્ષ્યાના દવમાં
મુખથી બોલે મીઠ, પીઠ પાછળ તે પાજી
સળગાવીને આગ, દેખશે આતશબાજી
(કદી) કપટી કુડા કર્મથી, ઘાત કરાવે દેહની
'મોહન' સજ્જન ચેતજો, સંગત કરતાં તેહની.

*　　　　*　　　　*

શઠનો ના કર સંગ, સુખ તે ત્હારૂં છેદે
જેમ ઝાડનું મૂળ, ભર્યે એસીડ તો ભેદે
વાંકી શઠની જાત, શ્વાનના પુંછ જ જેવી
કરો ભલે ઉપકાર, છતાં જેવી ને તેવી

1—બીલાડો. 2—ઉંદરડો.

છે નિર્ભય રમવું નાગથી, સ્હમજો તે કહી સ્હેલ છે
પણ નિર્ભયતા શઠ સંગમાં 'મોહન' મહા મુશ્કેલ છે.

* * *

સંગત કરવી સાર, પાર ઉતારે ભવથી
સાચો દે સદ્બોધ, ઉગારે દુઃખના દવથી
ઇચ્છે આપણું સુખ, નિશદિન જે નિજ મનમાં
[1]ભીડે બનતો ભાઇ, તાન પ્રગટાવી તનમાં
વળી સુખ દુઃખમાં સરખો ધરે સ્નેહ સદાયે શુદ્ધ જે
'મોહન' મળતો વિરલો કોઈક મિત્ર વિશુદ્ધ તે.

* * *

॥ अंतिम स्तुति ॥

૮૨ (રાગ કલ્યાણ—લંબોદર ગીરીજાનંદના-એ લય.)

ગુરૂ સંત બિરદ પણ પાળજો, નિશદિન શિશુ નિજ સંભાળજો ગુરૂ.
વૃદ્ધિ કરી શુદ્ધ સત્વ ગુણોની, તામસ રજને ટાળજો. ગુરૂ.
દોષ ને દુષ્ટતા દુર કરીને, ખળતા ઉરથી બાળજો. ગુરૂ.
લંપટ તૃષ્ણાનો કરી લય ને, ષડ્રિપુને સંહારજો. ગુરૂ.
નિશ્ચય બળ દઇ નિર્ભય કરવા, નેહ નજરથી ન્યાળજો. ગુરૂ.
પરંપરાથી જે પ્રગટેલા, કુસંસ્કાર કજાળજો. ગુરૂ.
દ્રશ્ય પ્રપંચે દોડે વૃત્તિ જે, તે અંતર પ્રતિ વાળજો, ગુરૂ.
ત્રિવિધ ગ્રંથી ગંઠેલી તે, જ્ઞાનાગ્નિએ ગાળજો. ગુરૂ.
ભેદપણું ભાંગી અંતરથી, ભવનો રોગ ભગાડજો. ગુરૂ.
'મોહન' મહાનંદ આપી અંતે, પ્રેમથી હૃદય પલાળજો. ગુરૂ.

સમાપ્ત.

૧–સંકટમાં.